ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

વહોરા સમાચાર

સંતોષ અને સાદગી

આજે સંતાનો, મા-બાપો, પરિવારજનો અને સમાજની કાળજી કરવી જરૂરી છે. માત્ર તન શકિત / શારિરીક શકિત અને ધન શકિતથી કામ નહીં ચાલે પણ મન શક્તિ અને આધ્યાત્મિક - રૂહાની શક્તિ મજબૂત બને તે જોવું ખાસ જરૂરી છે. સદાચારોના ક્ષેત્રે વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. ફરજને અદા કરતા શીખો. તમારી નાનકડી પણ બેકાળજી જીવનભર હેરાન કરશે.

ગમે તેવી ખરાબ સ્થિતિ આવે તો સહન કરતાં શીખો. ઢીલા પડો નહીં. જેટલો બોજો ઉઠાવી શકો તેટલો જ ઉંચકો. શાદી પ્રસંગોમાં દેખાડા બંધ કરો.સતોષ અને સાદગીને તમારું જીવન બનાવો.

સ્ટેટસ્ કરતાં સંતુષ્ટ બનવું તે મહત્વનું છે. સારી વસ્તુ અને સારા વિચારો બીજાને વ્હેંચતા શીખો. પોઝેટિવ વિચારોથી સમાજને તંદુરસ્તી મળશે. ગંદકીને ડિલીટ મારી સારી બાબતો ફોરવર્ડ કરો. તમારી વધારાની દૌલત જરૂરિયાત મંદોને ફાળવો. સારું અને મીઠું બોલો, ટીકા ટીપ્પણ બંધ કરો. બાગના બુલ બુલ બનો ઉકરડાના કાગડા નહિં

શંકા - કુશંકાના વાદળોએ ભલભલાના જીવન ઝેર બનાવ્યા છે.

ઇસ્લામના વિચારો, આદર્શો પર પૂરેપુરૂં ધ્યાન આપો.

■ મસ્ત મંગેરા -કાંગવઇ

રબિઉલ આખર ૧૪૪૩ ડિસેમ્બર ૨૦૨૧ તંત્રીઃ મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

જઝાકુમુલ્લાહ

કેનેડાથી જનાબ મુહમ્મદ યુ.વડીઆ સા.હસ્તે સોસાયટીને મળેલા રૂા. ૩,૨૫,૦૨૦/-

ગયા રમઝાન માસ દરમ્યાન કૌમના હિતેચ્છુ **જનાબ મુહમ્મદભાઇ યુ.વડીયા સા. તથા મિત્રો** મળી **રૂા.૩,૨૫,૦૨૦/-** ઉઘરાવી સોસાયટીને મોકલ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

અલ્લાહપાક સૌ નામી- અનામી ખિદમત ગુજાર તથા દાતાઓને આ નેક કાર્યનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.

● જનાબ જમાલભાઇ મુંબઇ તરફથી રૂા. ૨૦,૦૦૦/- સોસાયટીના **ઝકાતફંડ**માં મળ્યા છે.

ઝકાત

૫,૦૦૦	જ. અહમદ અલ્લી સુરતી સા.	રાંદેર
૫,૦૦૦	મોહ.મરીયમબીબી અલ્લી સુરતી સા.	રાંદેર

લીલ્લાહ

૧,૩૦૦	જ. યુસુફ અમીન ભોરાત સા	કેનેડા
૪૦૦	જ. યાકુબભાઇ નાથાલી સા.	કેનેડા
૧,૨૦૦	જ. શબ્બીરભાઇ મોતાલા સા	કેનેડા

અલ્લાહપાક મદદ આપનારા અપાવનારા સર્વેને બહેતરીન બદલો બન્ને જહાનમાં આપે.આમીન.

આપણા સમાજનું ગૌરવ

Masterof scinence

આપણી સોસાયટીના બોર્ડ ઓફ કાઉન્સીલના સભ્ય **જ. મોહંમદ ઇલ્યાસ હાંસ સા. સીમલક** ના ફરજંદ **અ.રહેમાન** એ સેફફિલ્ડ હલામ યુનીવર્સીટી,યુ.કે. દ્વારા લેવાયેલ **Master of scinence** ની પરીક્ષા ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

B.Sc

મોટાવરાછાના વતની **મોહંમદ સુલૈમાન બાંગી** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ **B.Sc (Physics)** ની પરીક્ષા સર પી.ટી. સાર્વજનીક કોલેજ ઓફ સાયન્સ, સુરતમાંથી ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

ઇન્તેકાલે પુરમલાલ

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ આપણી અલ-ફલાહ હોસ્ટેલ, ખોલવડના દાનવીર તથા તડકેશ્વર ફલાહે દારૈનના મુખ્ય ડોનર **મર્હુમ હાજી યુસુફભાઇ રાવત સા.** ના અહેલીયા **મોહતરમા હાજીયાણી ફાતેમા બહેન રાવત** નો **તા. ૨૪-૧૧-૨૦૨૧** ના **બુધવાર** ના રોજ **રીયુન્યન** ખાતે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)** મર્હુમાસોમો સલાતના પાબંદ હતા. એમના ઇન્તેકાલથી આપણી સોસાયટી સહીત સમાજને ઘણી મોટી ખોટ પડી છે.

અલ્લાહપાક મર્હુમાની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તેમજ સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. **આમીન.**

● આપણી સોસાયટીના બોર્ડ ઓફ કાઉન્સીલના સભ્ય **જ. શબ્બીર મોહંમદ પટેલ સા. ઉમરવાડા** ના વાલેદા **મોહતરમા ઝુબેદા બહેન પટેલ** નો **તા. ૦૨-૧૧-૨૦૨૧** ના **મંગળવાર** ના રોજ **ઉમરવાડા** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**

અલ્લાહપાક મર્હુમાની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તેમજ સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. **આમીન.**

વહોરા સમાચાર

■ હદીશ શરીફ

ઇબાદત માં દેખાવ હોવા જોઇએ નહીં. ઇબાદત ફક્ત અલ્લાહપાક ને રાજી કરવા માટે ચોખ્ખા દિલે કરેલી હોવી જોઇએ. દેખાડો અલ્લાહ ને મુદ્દલ પસંદ નથી.

■ ચિંતન

વિચારવા જેવી વાત

એક નાનું બાળક પોતાના ૨ હાથમાં ૧-૧ સફરજન લઇને ઉભું હતું. તેના પપ્પાએ હસતાં- હસતાં કીધું કે લાવ બેટા મને તો એક આપ. આટલું જ સાંભળતા બાળકે ૧ સફરજનમાં બચકું ભરીને મોઢું બગાડયું, થોડીવારમાં બીજા સફરજનમાં પણ એવું કર્યું. એની આ હરકત જોઇ એનાં પપ્પા દંગ રહી ગયાં અને એમને આઘાત લાગ્યો. થોડી જ વારમાં બાળકે હાથ આગળ વધાર્યો અને કહ્યું પપ્પા આ લો ! આ વધારે મીઠું છે. કદાચ આપણે પણ પુરી વાત જાણ્યા વગર તેના પરિણામ સુધી પહોંચી જઇએ છીએ અને ખોટી ધારણાઓ બાંધી લઇએ છીએ. નજરનું ઓપરેશન તે શકય છે પણ નજરીયાનું નહિં.

અંક : ૧૨

માસ : ડિસેમ્બર ૨૦૨૧

માહે : રબિઉલ આખર ૧૪૪૩

તંત્રી : મસ્ત મંગેરા

■ એક શેર :-

મને ગર્વ છે કે આ મારી તપસ્યા
સમયને જ મુજ પંથે દોરી જવાની !
હું એવો પ્રવાસી નથી, કે જે વૃત્તિ
ધરાવે સમય સાથમાં ચાલવાની !!

- મસ્ત મંગેરા

■ સમઝ અપની અપની

કુબું તો કતરા કતરા સમંદર દિખાઇ દે !

જયારે માનવીની પડતી શરૂ થાય ત્યારે એ એક નાની ઠીકરીનો ઘા પણ ઝીલી શકતો નથી. કોઇ દિશાએથી એકાદ નાનો પત્થર એના ઉપર પડે તો એને એ પત્થર પહાડ જેવો લાગે છે.

આને બીજી રીતે આપણે એમ કહી શકીએ કે, સારા સંજોગોમાં સાગર તરી જનાર વિપરીત સંજોગોમાં નાનું ખાબોચિયું પણ તરી શકે નહીં. **- શાકિર ઉનીઆ**

■ તંત્રી સ્થાનેથી...!

ચાલો, કાંટાની નહિં, ફૂલોની ખેતી કરીએ.

આ,વર્ષ સોસાયટી માટે ઘણું મહત્વનું છે.

અમૃત મહોત્સવ - ૭૫ માં વર્ષમાં સોસાયટીનો પ્રવેશ આનંદ દાયક અને ગૌરવ અપાવનારી બાબત છે.

સંસ્થાના કાર્યકર્તાઓ સંસ્થા માટે-વિધાર્થીઓને સારામાં સારો લાભ મળે તે માટે સતત પ્રયત્નશીલ રહીને ઉન્નિતના પંથે લઇ જવા હૃદયપૂર્વકની લાગણી ધરાવે છે.

—સમય બદલાય ત્યારે બધું બદલાય જાય છે. !!

છેલ્લા કેટલાક વર્ષમાં શિક્ષણ નીતિમાં ભયંકર ફેરફાર આવી રહયા છે. એ નીતિ વિષે અગાઉ વહોરા સમાચારમાં વિગતે એક લેખ પ્રગટ થયેલો-એવું મને સ્મરણ છે. ખાસ વાત તો એ છે કે આપણે ઘણી મોટી રકમ શિક્ષણ માટે વિધાર્થીઓને આપીએ ત્યારે એ ફળ પ્રાપ્તિની દિશામાં રોકાણ થાય એવી આપણા સૌની લાગણી છે.

એટલે વિધાર્થીઓને સમજાવી સાચી દિશામાં જવા પ્રયત્ન કરવા જણાવવું અતિ જરૂરી છે.

દિશા વિહીન વિધાર્થીઓ આડેધડ ગમે તેવા વિષયો લઇ ડીગ્રી પ્રાપ્ત કરે એ ફકત જોવા માટે જ હોય છે.એને કોઇ જાતનો લાભ કે નોકરી મળતી નથી.

આ માટે ઓછામાં ઓછા બે વખત વર્ષમાં સંમેલન ભરી એમને સમજૂતિ આપવા પ્રયત્નો કરવા પડે.એમને સાચી સમજ મળશે તો ઘણાં ફેરફાર થઇ શકશે.વિધાર્થીઓમાં રોકેલી રકમનો સદુપ્યોગ થશે.

વહોરા સમાચાર કેટલા વિધાર્થી પાસે પહોંચે છે એ હું જાણતો નથી.કોઇ રીતે વિધાર્થીને એની સાથે સાંકળી લેવો જોઇએ.

સમજદાર લોકો આ બાબતે પોતાનું મંતવ્ય આપે તો ઘણો ફેર પડશે. આભાર સહ. **▪ મસ્ત મંગેરા (કાંગવઈ)**

E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991

તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઇબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

કયામતથી જન્નત સુધી

- મૂસાજી દીપક બારડોલીકર

અલ્લાહ કહેશે, અગર હું એમ કરી દઉં તો તું વિશેષ કંઇ માંગશે નહીં ને ?

તે કહેશે, નહીં, હું બીજું કંઇ નહીં માંગું તે તેના માલિકને ઘણા વચન અને ખાતરી આપશે. આથી અલ્લાહ તેનો ચેહરો જહન્નમથી (બીજી તરફ) ફેરવી દેશે. અને તે જન્નતને જોશે તો અલ્લાહ ઇચ્છશે ત્યાં સુધી ચૂપ રહેશે. અને ત્યાર પછી કહેશે, ઓ માલિક ! મને જન્નતના દરવાજા સુધી લઇ જા.

અલ્લાહ તેને યાદ અપાવશે, શું તેં વચન નહોતું આપ્યું કે તું બીજું કંઇ માંગશે નહીં ! તે કહેશે, તારા સામર્થ્યના સોગંદ, હું બીજું કંઇ નહીં માંગુ. તે અલ્લાહને વચન અને ખાતરી આપશે કે તે બીજું કંઇ માંગશે નહીં. આથી અલ્લાહ તેને જન્નતના દરવાજા નજીક લઇ જશે. અહીંથી તે જન્નતમાં શું છે તે જોશે. અને અલ્લાહ ઇચ્છે ત્યાં સુધી ચૂપ રહેશે. અને ત્યાર પછી કહેશે, મારા માલિક ! મને જન્નતમાં દાખલ કર.

અલ્લાહ કહેશે, તેં શું બીજું કંઇ નહીં માંગવાનું વચન નહોતું આપ્યું ? અફસોસ છે તારા પર, ઓ આદમના બેટા ! તું કેવો દગાબાજ છે !

તે કહેશે, ઓ માલિક ! તારી મખલૂકમાં સૌથી કમનસીબ હું થઇ જાઉં એમ તો ના કર ! અને અલ્લાહ સમક્ષ ત્યાં સુધી આજીજી કરતો રહેશે કે તે હસી પડશે, અને હસતાં હસતાં તે જન્નતમાં પ્રવેશવાની પરવાનગી આપશે. અને અંદર દાખલ થશે ત્યારે તેને કહેવામાં આવશે, બોલ તારી ઇચ્છા શી છે ? તે ઇચ્છા દર્શાવશે અને તેને ફરી એમ કરવા કહેવાશે. તે ફરી ઇચ્છા દર્શાવશે કે ત્યાં સુધી કે કોઇ ઇચ્છા રહેશે નહીં ! તેને કહેવામાં આવશે, એ તારા માટે છે અને એના જેવું ઘણું ! (બુખારી, મુસ્લિમ, અબુ-દાઉદ,મુસનદ અહમદ- હદીસ સંક્ષેપ)

હઝરત અબૂ હુરયરહ (રદિ.) ના વર્ણન અનુસાર એ આદમી જહન્નમમાંથી મુકત થઇ જન્નતમાં જનારો છેલ્લો માણસ હશે. અને નિ: શંક તે શ્રધ્ધાવાનો માંહેનો હશે. બાકી શ્રધ્ધાહીનો, મુશરિકો, દંભીઓ વિશે તો અલ્લાહનો ફેંસલો છે.

અને જેઓ, અલ્લાહ અને તેના પયગમ્બરોની નાફરમાની કરે છે તેમના માટે જહન્નમની આગ છે, જેમાં તેઓ હંમેશાં રહેશે. (૭૨:૨૩)

અને તેમને તેમાંથી (જહન્નમમાંથી) બહાર કાઢવામાં આવશે નહીં. (૪૫:૩૫)

મતલબ કે પરમકૃપાળુ અલ્લાહની દયા વિશે એક શરત છે, અલ્લાહ અને તેના પયગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ફરમાબરદારી, જયાં એ છે ત્યાં અલ્લાહની દયાનો ઉછળતો દરિયો છે. પણ જયાં એ નથી ત્યાં અલ્લાહનો ગઝબ છે, કહેર છે, અઝાબ છે. દયા નહીં.

જહન્નમની જફા

જહન્નમ એટલે ભયાનક ભઠ્ઠી. ગુનેહગારો, મુશરિકો, દંભીઓની શિક્ષા માટેનું એક સ્થળ. એક કેન્દ્ર. એને આખેરતનું કેદખાનું, કારાગાર પણ કહી શકાય.

જહન્નમને ફારસીમાં દોઝખ કહે છે. આ જહન્નમમાં, દોઝખમાં આગ હોય છે. અને આગને અરબીમાં નાર કહે છે. નાર પરથી ઉપજાવાયેલ શબ્દ નારે-સકર, તથા નારે સઅીરનો અર્થ જહન્નમ થાય છે. અને નારે-ખલીલ એટલે તે આગ, જેમાં મુશરિકોએ હઝરત ઇબ્રાહીમ (અલૈ.) ને ફેંકી દીધા હતા અને તે અલ્લાહના હુકમથી ગુલઝાર બની ગઇ હતી.

આ વિશ્વમાં આગ હાનિકારક હોવા છતાં માનવજીવન માટે અત્યંત ઉપયોગી અને અનિવાર્ય એવી એક વસ્તુ ગણાય છે. આ આગ અને જહન્નમની આગ એક સરખી નથી. મોટો ફરક છે. કેવો અને કેવડો ફરક એ જાણવા માટે આપણે હદીસો જોવી જોઇશે.

દરિયે ડૂબાડેલી આગ :

હઝરત અબૂ હુરયરહ (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, તમે જે આગ બાળો છો તે જહન્નમની આગના સિત્તેર ભાગમાંનો એક ભાગ છે. (બુખારી. હદીસનો અંશ)

એટલે કે જહન્નમની આગની જલન સામે વિશ્વની આગની જલન કે તપિશની કોઇ હેસિયત નથી. એક અન્ય હદીસમાં એમ કહેવાયું છે કે, તમારી આગને દરિયામાં બે વાર ડુબાડવામાં આવી હતી. અગર એમ ન કરાયું હોત તો તે દુનિયામાં લાભદાયક થાત

નહીં. (મુસનદ અહમદ)

ભેંકાર આગ :

જહન્નમની આગ કેવી ભેંકાર, ભયાનક હશે તેની મિસાલ આપી શકાય એવી કોઇ વસ્તુ વિશ્વમાં નથી. અલબત્ત એની ભયાનકતાનો અંદાજો આ હદીસ પરથી આવી શકે છે. ઇબ્ને મુબારકે મુહમ્મદ ઇબ્ને અલ-મુન્કદીરના હવાલાથી નોંધ્યું છે : જહન્નમનું સર્જન કરાયું ત્યારે ફરિસ્તાઓ ચિંતિત થયા હતા. અને તેમના હૃદય ધ્રુજી ગયાં હતાં. પણ જયારે આદમ (અલૈ) નું સર્જન કરાયું તો તેમને રાહત થઇ હતી અને ભય ઓગળી ગયો હતો. (અઝ ઝુહદ)

અનસ ઇબ્ને માલિક (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના પયગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જિબ્રિલ (અલૈ.) ને કહયું, મિકાઇલ મને કેમ બિલકુલ હસતા જોવામાં આવતા નથી ? તેમણે કહયું, જહન્નમનું સર્જન કરાયું છે ત્યારથી તેઓ કયારેય હસ્યા નથી. (મુસનદ અહમદ)

આ આગ અતિશય ઉગ્ર હશે. નિરંતર બળશે અને કયારેય ટાઢી થશે નહીં. હઝરત સલમાન (રદિ.) નો હવાલો ધરાવતી એક હદીસ પ્રમાણે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, (જહન્નમની) આગનો તપારો કયારેય હળવો થશે નહીં અને તેની જવાળા ક્યારેય શમશે નહીં. (બયહકી. હદીસનો અંશ)

કાળી આગ :

આગ અને તે રાતી નહીં કાળી ! વાત અચંબાજનક લાગે છે. ઉપજાવી કાઢેલો તુકકો લાગે છે. પણ નહીં, એ એક હકીકત છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે વર્ણવેલી હકીકત. એમાં શંકાને સ્થાન હોય જ નહીં. હઝરત અબૂ હુરયરહ (રદિ.) વર્ણવ્યું છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, આગને એક હજાર વર્ષ-તે રાતી થઇ ગઇ ત્યાં સુધી બળવા દેવામાં આવી હતી. ત્યાર પછી બીજા એક હજાર વર્ષ તે સફેદ થઇ ગઇ ત્યાં સુધીનું બળણ. અને ત્યાર પછી વધુ એક હજાર વર્ષ બળવા દેવામાં આવી-ત્યાં સુધી કે તે કાળી થઇ ગઇ. તે (આગ) ઘેરી કાળી છે. (તિરમીઝી, ઇબ્ને માજા)

જહન્નમની આ કાળી આગ વિશે માહિતી આપવા આવેલા જિબ્રિલે (અલૈ.) અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહયું, તેના કસમ, જેણે આપને સત્ય સાથે મોકલ્યા છે. અલ્લાહે તેની કિતાબમાં જેનું વર્ણન કર્યુ છે તે જહન્નમની સાંકળની એક કડી વિશ્વના કોઇક પહાડ ઉપર મૂકી દેવામાં આવે તો તે ચોકકસ તેને ઓગાળી નાંખે.
(તરઘીબ વ તરબીહ, દુર્ર-અલ મન્સુર, કન્ઝુલ ઉમ્માલ, હદીસનો અંશ)

જહન્નમના દરવાજા :

ઇબ્ને જુરાયીએ, અલ્લાહના આ શબ્દો લહા સબ્અત અબવાબા (એના સાત દરવાજા) વિશે કહયું: એમાંનો પહેલો દરવાજો જહન્નમ છે. અને ત્યાર પછી લઝઝા, હુતમા, સઅીર, સકર, જહીમ અને હાવિયા છે. (બયહકી, દુર્ર અલ-મન્સુર,કન્ઝુલ-ઉમ્માલ)

અહીં ચોકિયાતો પણ હશે. આ બાબતે કલામે પાકમાં દર્શાવાયું છે કે : એના પર ઓગણીસ (ફરિસ્તા) છે. અને અમે આગના વોર્ડન તરીકે માત્ર (ફરિસ્તા) નિયુકત કર્યા છે. (૭૪:૩૦-૩૧)

મોમિનો, તમારી જાતને અને તમારા પરિવારને (જહન્નમની) આગથી બચાવો કે જેનું ઇંધણ આદમી અને પથ્થર છે અને જેના પર ફરિસ્તા નિયુકત કરાયા છે-કરડા, બળવાન, જે અલ્લાહ હુકમ કરે છે તેની અવજ્ઞા કરતા નથી. પણ તે કરે છે તેમને જેનો તેમને હુકમ કરાય છે. (૬૬.૬)

કલામે પાકમાં :

આ ભીષણ, ભયાનક જહન્નમમાં, શ્રધ્ધાહીનો, મુશરીકો, દંભીઓ તો નિ:શંક જવાના છે. અને એમાંથી તેમનો છુટકારો થવાનો કોઇ સંભવ નથી. એ સિવાય તે શ્રધ્ધાવાનો પણ જશે, જે ગુના કરે છે, કરતા રહે છે. અને નેકી-બદી વચ્ચે કશો ફરક જોતા નથી. તેમણે તેમના ગુનાની શિક્ષા ભોગવવી પડશે. અને ત્યાર પછી જન્નતમાં જવાની તક મળશે.

જહન્નમમાં, ત્યાંના વાસીઓ સાથે કેવો વહેવાર કરાશે અને ત્યાં તેમને કેવાં કષ્ટોનો સામનો કરવો પડશે તેનું વર્ણન કુરઆને કરીમમાં વિગતે કરાયેલું છે. કુરઆને કરીમની વિવિધ સુરતોમાં કરાયેલાં એ વર્ણનો માંહેનું કેટલુંક અત્રે આપણે જોઇશું. **(ક્રમશ)**

મુસ્લિમ સાહિત્યકારોનું ઉત્તર દાયિત્વ

- પ્રો. ડો. હસન લુણત વિતાન

થોડીક વાત કરવી છે મુસ્લિમ સાહિત્યકારો અંગે, તેમના સાહિત્ય સર્જન અંગે, તેમના ઉત્તર દાયિત્વ અંગે.

મુસ્લિમ સાહિત્યકારો વિશેષતઃ શિષ્ટ સાહિત્ય સર્જન સાથે સંકળાયેલા છે. અને તેમના દ્વારા કવિતા, નવલકથા, વાર્તાઓ, નાટકો આદિનું જે ખેડાણ થયું છે, તેમાં ભારોભાર સર્જનાત્મકતા છે, કલાત્મકતા છે. શબ્દકલાના કસબને તેમણે સારી રીતે અજમાવ્યો છે અને સર્જકપ્રતિભાને ઉપસાવવા માટે પ્રશસ્ય જહેમત લીધી છે. મુસ્લિમ સાહિત્યકારોએ પોતાના સર્જન દ્વારા ગુજરાતની શાણી સાહિત્યપ્રિય પ્રજાને કેટલીક ઉત્તમ કૃતિઓની નવાજેશ પણ અવશ્ય કરી છે. એટલું જ નહીં, તેમણે ગુજરાતી સાહિત્યને કેટલાક પ્રભાવક વળાંકો પણ આપ્યા છે. એ રીતે એમણે ગુજરાતી સાહિત્યની કદીય ન ભૂલી શકાય એવી સેવા કરી છે, જેનો કોઇ ઇન્કાર કરી શકે તેમ નથી.

છતાં એક વાત કહેવી જરૂરી લાગે છે. આ વાત મહત્વની છે. અને એ તરફ આપણું ધ્યાન બહુ જતું નથી. એ બાબત છે આપણા સાહિત્યકારોની કૃતિઓમાં જોવા મળતી નરી કલ્પનાની અને પ્રવાહમાં વહયા કરવાની વૃત્તિની. એ હકીકત છે કે ઘટનાઓના ગુબ્બારામાં ઘણીવાર વાસ્તવિકતાને ભૂલી જવાય છે.અને આ વલણ કયારેક સાવ અસ્વાભાવિક અને અતિશયોકિત પૂર્ણ કલ્પનોડ્ડયન સુધી લઇ જાય છે. એક હકીકત સ્પષ્ટ અને સર્વમાન્ય છે કે સાહિત્યમાં કલ્પનાને અવકાશ છે, અલંકારો-પ્રતીકો-કલ્પનોને અવકાશ છે. પરંતુ એ તો કૃતિને માંજવાના, ચકચકિત બનાવવાના ઓજારો છે. એથી કૃતિ દીપી ઉઠે છે. પરંતુ એ ઓજારો એ રીતે ન જ પ્રયોજવા જોઇએ કે જેથી કૃતિ સાવ બનાવટી લાગે. જેમ બોલચાલમાં સુંદર શબ્દોથી માણસને છેતરી પણ શકાય છે, તેમ સાહિત્યમાં લિખિત શબ્દોના બાહય ઠઠારાથી, કૃત્રિમ શબ્દોના રૂપ-છલથી પણ માણસને છેતરી શકાય છે. અને સાહિત્યનો શબ્દ તો છેતરામણો હોઇ જ ન શકે – ન જ હોવો જોઇએ. જો કૃતિમાં શબ્દોની છલરમત હોય તો એ કૃતિ સાહિત્યની પરિભાષામાંથી નીકળી જાય છે. કૃતિમાંનો એક પણ લપટો, બોદો કે કૃત્રિમ શબ્દ કૃતિને ભારે નુકસાન કરે છે. કયારેક તો કૃતિને મારી જ નાંખે છે.

કહેવાનો અર્થ એ છે કે આપણી કૃતિઓ ઘણી વખત આપણને આપણાથી દૂર લઇ જતી લાગે છે. કૃતિના સર્જનના કેન્દ્રમાં માણસ હોવો જોઇએ. કૃતિ માણસ સાથે નિસબત ધરાવતી હોવી જોઇએ. કૃતિના શબ્દેશબ્દ માણસ સાથે ગુંથાયેલો હોવો જોઇએ. એમાં પ્રકૃતિ આવે, એમાં માનવેતર પ્રાણીસૃષ્ટિ આવે- તે પણ પેલા માણસ સાથેના વાચકના નાતાને પ્રગાઢ બનાવી આપવા શકિતમાન હોય તે રીતે આવે. જીવાતા માનવસમાજથી દૂર લઇ જતી, મનોહર છતાં અવાસ્તવિક કલ્પના લોકોમાં વિહાર કરાવતી અને વાચકને બિલકુલ કપોલકલ્પિત અને અગમ્ય લોકોમાં તાણી જતી કૃતિ વાચકને આનંદ ભલેને આપે, પરંતુ પોતાની સાર્થકતા એવી કૃતિ ગુમાવી બેસે છે. સર્જકે એની કૃતિમાં હકીકતની ધરીની આસપાસ ફરવાનું છે. અને તે ભાવ-વિચારના પ્રાગટય અર્થે પાત્રો કે ઘટનાઓના સંદર્ભમાં જે કાંઇ યુકિત-પ્રયુકિતઓ પ્રયોજે છે, તેમાં એણે પેલી વાસ્તવની ધરીને વફાદાર રહેવાનું છે. આ વફાદારી જ એની કૃતિને યથાર્થતા આપશે, સાર્થકતા આપશે અને એવી કૃતિ વડે જ સર્જક અમરત્વ પામી શકશે. તેની કૃતિ યથાર્થ પરિપ્રેક્ષ્યમાં લોકો સાથે

જોડાયેલી હશે, વાસ્તવ-ભરપૂર હશે તો તે શબ્દોના માધ્યમ વડે થયેલી સાચી જનસેવા પણ ગણાશે. સર્જકની કૃતિની સફળતા-નિષ્ફળતાનો આધાર એ પેલી વાસ્તવભૂમિને કેટલો સ્પર્શે છે,માણસને-માનવમનની ગહરાઇઓને-તેના ખૂણેખૂણાને કેટલો સ્પર્શે છે તેની ઉપર પણ રહેલો છે, એ તથ્યને વિવેચકોએ પણ બરાબર લક્ષમાં રાખવું જોઇએ.

આથી આપણા સર્જકોનું ઉત્તર દાયિત્વ છે કે તેઓ તેમની કૃતિઓમાં માણસને વધુમાં વધુ તાકે-તાગે.

મુસ્લિમ સાહિત્યકારો માટે અત્યંત જરૂરી છે, એ તેમનું વિશેષ ઉત્તર દાયિત્વ છે, કે તેઓ પોતાના અને પોતાની આસપાસના સમાજનું ઝીણવટ ભર્યુ નિરીક્ષણ કરે.સર્જકની આસપાસનો સમાજ જે આબોહવામાં જીવતો હોય, જે રસરૂચિ-વલણો ધરાવતો હોય, જે વિધિ-નિષેધોમાં માનતો કે ન માનતો હોય, જે દૈનંદિન જીવન જીવતો હોય, જે પ્રવાહમાં ડૂબતો કે તણાતો હોય, તેનું સાફ સાફ દૃશ્ય સર્જકે તેની કૃતિમાં ઝીલવું જોઇએ, એ બધું જ એની કૃતિમાંથી પ્રગટ થવું જોઇએ. સર્જક કે સાહિત્યકાર સમાજાભિમુખ કે લોકાભિમુખ હોવો જોઇએ. પોતાના અને પોતાની આસપાસના સમાજની તેની રચનાઓમાં આબેહૂબ છતાં કલામંડિત પ્રતિચ્છાયા ઝીલાવી જોઇએ. પોતાની આસપાસના સમાજનું, પ્રજાસમૂહનું, લોકજગતનું બારીક નિરીક્ષણ કરી તેને પોતાની કૃતિઓમાં ઉતારવું એ સાહિત્યકારની નૈતિક ફરજ બની જાય છે. પોતાની ચોતરફના જીવંત માણસને ભૂલીને સર્જક અન્ય સમાજ, પ્રાન્ત કે દેશ વિશે લખવા-ચીતરવા બેસે છે, ત્યારે તેમાં કૃત્રિમતા કે કૃતકતા આવી જવાનો પૂરેપૂરો અંદેશો રહેલો છે. પોતાનો પડોશી, પોતાનું ફળીયું, પોતાનું ગામ, પોતાનો સમાજ-આમ, શરૂઆત તો એણે પોતાનાથી જ કરવાની છે. જો તે આમ કરશે તો જ એની કૃતિમાં સ્થાનિક રંગો **(LOCAL COLOURS)** આવી શકશે. સર્જકકૃતિમાં નિરૂપાતા આવા સ્થાનીય રંગોનું પણ વિશેષ મહત્વ છે. કૃતિમાંથી આવા રંગો પ્રગટે તો વાચકને-ભાવકને એક ચોકકસ જનપદની ઓળખાણ થાય છે, ત્યાં વસતા તત્કાલીન માનવસમાજને અવલોકવાની તક મળે છે. આ પ્રાપ્તિ એ જે તે કૃતિની નાનીસૂની સફળતા ન કહેવાય. સાહિત્યકારની આસપાસનો સમાજ નિબંધો દ્વારા કે સરકારશ્રીના ગેઝેટિયર દ્વારા શુષ્ક માહિતીરૂપે સચવાય, એના કરતાં એ રૂપાળા, શિષ્ટ, આનંદપ્રદ, કલાત્મક સાહિત્યિક શબ્દો દ્વારા સચવાય તો એથી વધુ રૂડું બીજું શું હોઇ શકે ? દેખીતી રીતે જ આવું નિરૂપણ વાચકને પણ વધુ અસરકારક નીવડી શકે છે.

પરંતુ આ રીતે પોતાની આસપાસના સમાજને શબ્દોના માધ્યમ વડે સાચવવાનું ઉત્તર દાયિત્વ આપણા સાહિત્યકારો બહુધા ચૂકી જતા હોય છે. આ રીતે જયાર સાહિત્યકારો સામાજિક જિમ્મેદારી ચૂકી જતા હોય છે અથવા તેનથી ભાગતા હોય છે, ત્યારે જે તે સમાજને દેખીતું નુકસાન થાય છે. દરેક સમાજ બોલવા માંગે છે, ઉઘડવા માંગે છે, પોતાને વ્યકત કરવા માંગે છે. એ સમાજમાં જન્મેલો સાહિત્યકાર (સર્જક) એ તો સમાજની જિહ્વા છે.કવિ,વાર્તાકાર, નવલકથાકાર કે નાટ્યકારની જુબાન દ્વારા જે તે સમાજ બોલે છે, અભિવ્યકત થાય છે. પરંતુ આપણે જોઇએ છીએ કે સમાજને મોટેભાગે સાહિત્યકાર મળે છે, જિહ્વા (જુબાન) મળતી નથી. પેલો સાહિત્યકાર પોતાની શબ્દજિહ્વા દ્વારા ઘણું ઘણું બોલે છે, ભલું ભલું લખે છે-ફિલસૂફી છેડે છે, લાંબી લાંબી વાતો કરે છે, આકાશને અડતી કલ્પનાઓ કરે છે-પરંતુ જે સમાજ વચ્ચે એ જન્મ્યો

છે, ઉછર્યો છે, જે સમાજ સાથે એની નાળ બંધાયેલી છે, એ સમાજ વિશે એ સ્હેજે બોલતો નથી, લખતો નથી. એ વિશે બોલતાં-લખતાં એની જિહ્વા કેમ અચકાય છે, એના હાથ કેમ કંપે છે ? જન્મજાત અનુબંધ ધરાવતા સમાજ પ્રત્યેનું ઉત્તર દાયિત્વ કેમ ચૂકી જવાય છે ? હમણાં એક મુસ્લિમ વાર્તાકારનો વાર્તાસંગ્રહ વાંચ્યો. એમાંની કુલ પચ્ચીસ વાર્તાઓમાંથી માત્ર બે વાર્તાઓ મુસ્લિમ સમાજ સાથે સંબંધ ધરાવતી હતી! અને તેમાં પણ વાસ્તવિકતા ઓછી અને કલ્પના વધુ હતી ! મુસ્લિમ સર્જકો પોતાની કૃતિઓમાં પોતાના સમાજની અભિવ્યકિત ન કરશે તો લાંબે ગાળે સમાજને ગંભીર પરિણામો ભોગવવા પડશે. કારણ કે, મેં નોંધ્યું છે કે, બિનમુસ્લિમ સાહિત્યકારો પોતાની કૃતિઓમાં મુસ્લિમ સમાજનું એવું ચિત્ર પ્રસ્તુત કરી રહયા છે, જેમાં હળાહળ જુઠ્ઠાણું હોય છે, સત્યથી સાવ વેગળું, દ્વૈષીલું અને પક્ષપાતપૂર્ણ આલેખન કરીને તેઓ મુસ્લિમ સમાજને અને ઇસ્લામને બિલકુલ ગલત રીતે રજૂ કરી રહયા છે. પોતાના વર્ચસ્વવાળા પ્રચાર-માધ્યમો વડે તેઓ આ નાપાક પ્રવૃત્તિ મોટે પાયે કરી રહયા છે. આવા નાજુક અને કટોકટી પૂર્ણ સંજોગોમાં આપણા સાહિત્યકારો શાહમૃગી નીતિરીતિ અપનાવીને, રેતીમાં મોં છુપાવીને બેસી રહેશે તો કેમ ચાલશે ? શબ્દાલેખન શકિત એ અલ્લાહની મહામૂલી દેન છે, ભેટ છે. અને તેનો કૌમના હિતમાં, સમાજના શ્રેય માટે વધુમાં વધુ અને સાર્થક ઉપયોગ થવો જ જોઇએ. પોતાના સમાજના, જમાનાના સંતાન તરીકે મુસ્લિમ સાહિત્યકારોએ પણ પોતાની જિમ્મેદારી નિષ્ઠાપૂર્વક અને વફાદારીની ભાવનાથી અદા કરવી પડશે. સાહિત્યમાં સાહિત્યકારના સમાજનું, જમાનાનું, જીવનનું પ્રતિબિંબ પડવું જ જોઇએ. પરંતુ અધ્યયનો દ્વારા જણાયું છે કે આપણા સાહિત્યકારો (જેઓ સર્જનાત્મક સાહિત્ય સાથે સંકળાયેલા છે તેઓ) ના સાહિત્યમાં આવું પ્રતિબિંબ બહુધા દેખાતું નથી. આપણા સાહિત્યકારો જુદા જુદા સામાયિકોમાં, વર્તમાનપત્રોમાં જાતજાતના વિષયો પર કલમ ચલાવે છે. તો તેઓ પોતાના સમાજ પર કેમ નથી લખતા ? અવનવું લખવાની કળા ધરાવતા આપણા સર્જકો પોતાના સમાજ આગળ આવીને કેમ હાથ ધરીને બેસી જાય છે ? અન્યને વિશે બોલવાની-લખવાની હામ ધરાવતા સર્જકો પોતાને વિશે કેમ મૌન સેવે છે ? કેમ કાગળ-કલમ હેઠાં મૂકી દે છે ? ન સમજાય તેવી આ ગૂઢ બાબત છે. સવાલ ઉત્તર દાયિત્વનો, નૈતિકતાનો અને મર્દાનગીનો છે. પોતાના સમાજનું, એ સમાજના માણસનું, અને તેમાં પોતાનું પણ, શબ્દચિત્ર રજૂ કરવું, જેવા હોય તેવા જ રૂપમાં રજૂ કરવું, એના અસલ રૂપરંગ ખુલ્લા કરવા, કોઇપણ જાતના લપેડા વિના-ઢાંક પિછોડા વિના-ઢોળ ચઢાવ્યા વિના-આળપંપાળ વિના, વાસ્તવિકતાનો સો ટકા સ્વીકાર કરીને એ વાસ્તવિકતા સર્જનાત્મક રીતે રજૂ કરવી, પોતાની-સમાજની-સમાજના અદના ઇન્સાનની આંતરબાહય વિશેષતાઓ અને મર્યાદાઓ, પ્રગતિ અને પતનના વાસ્તવઆલેખો પેશ કરવા એ જેવીતેવી વાત નથી. આ રીતનું તાટસ્થ્યપૂર્ણ, સાચકલું અને સર્વાંગી ચિત્રણ કરવું એ મુસ્લિમ સાહિત્યકારની સામાજિક જિમ્મેદારી છે, નૈતિક ફરજ છે, એક કલમનવેશ તરીકેનું ઉત્તર દાયિત્વ છે. અને આ કામ સાહસિકતા વગર, મર્દાનગી વિના શકય નથી. પોતાનું ઉત્તર દાયિત્વ સમાજે અને તે અદા કરવા દૃઢ સંકલ્પ કરી સાહિત્યના મેદાનમાં એક યોદ્ધાના જેવી મર્દાનગી બતાવે એવા સાહિત્યકારોની, સર્જકોની, લેખકો અને કવિઓની, પત્રકારોની, શબ્દો દ્વારા સમાજસેવા કરતા સંશોધકો-મીમાંસકો-વિવેચકો અને સમાજ-ચિકિત્સકોની આપણને જરૂર છે, બેહદ જરૂર છે. આ જરૂરત પૂરતા પ્રમાણમાં સંતોષાય એવી બારગાહે-ઇલાહીમાં દુઆ કરીએ.(આમીન) ■

ભાઇની બેની લાડકી

- હનીફ નાડત (કોઠ)

અમે ત્રણ ભાઇ બહેન... મારાથી મોટી બહેન અને નાનો ભાઇ. મારા વાલીદ સાહબ ગુજરી ગયા છે. વાલીદા અમારી જોડે જ રહે છે. મારી બહેનને લગ્ન થયાને છ એક વર્ષોનો સમયગાળો પસાર થયો છે. એ પણ બે સંતાનોની માં છે. એક દિકરો અને નાની દિકરી. વર્ષો થયા પણ હું કયારેય મારી બહેનના ઘરે ગયો જ નથી. અરે ઇદ જેવા પ્રસંગે પણ હું બહેનના ઘરે ન જતો. પણ હા માં નો જીવ એટલે મારી વાલીદા સમયાંતરે મારી બહેનને ત્યાં જતી રહેતી. બહેન પણ મારે ત્યાં બાળકો અને બનેવી જોડે આવતી રહેતી. એવામાં એક દિવસ મારી પત્ની મને કહેવા લાગી...અરે... આ તમારી બેન જ્યારે જ્યારે આપણે ત્યાં આવે છે ત્યારે એના બાળકો આપણા ઘરને વેરવિખેર કરી મૂકે છે. અને ઘરનો ખર્ચો પણ વધી જાય છે અને ઉપરથી માં એને વિદાય વેળાએ કપડાં ધોવાના સાબુ, કપડાં અને અચારની બરણી પણ મને પૂછયા વિના એને પકડાવી આપે છે. કયારેકતો અનાજ પણ આપી દે છે. માં ને તમે સમજાવો કે આ આપણું ઘર છે કોઇ ધરમશાળા નથી. મારી પત્નીના મોઢે સાંભળીને મને ખુબ જ ગુસ્સો ચઢયો. કેમ કે જેમ તેમ કરીને હું મારા ઘરનો ખર્ચ ઉઠાવી રહયો હતો. અને મારી માં પોતાની દિકરીને આમ આપી દેતી. એક દિવસ મારી બહેન એના બાળકોને લઇને મારે ત્યાં આવી હતી કે રમતા રમતા એની બેબીએ ટી.વી. નું રિમોટ કંટ્રોલ તોડી નાંખ્યું. આ જોઇને સાચે જ મને ખુબ ગુસ્સો આવ્યો. અને મેં મારી માં ને કહયું...માં બહેનને કહો કે આમ વારે ઘડીએ આપણે ત્યાં ન આવ્યા કરે. ઇદ ઉપર જ આવે અને માં તમે પણ બહેનને છાના છાના મને પૂછયા વિના બધી વસ્તુઓ પધરાવી આપો છો. બસ માં બહુ થયું. માં એ બધુ બંધ કરો. મારા મોઢે આવુ સાંભળીને મારી માં તો અવાક થઇ ગઇ. આ રકઝક મારી બહેને પણ સાંભળી પણ એણે છતાંય એના વર્તનમાં કંઇ પણ ફેરફાર જણાવા ન દીધો. સાંજે એણે એના બન્ને બાળકોને તૈયાર કર્યા અને મને કહેવા લાગી... ભાઇ... મને બસ સ્ટેન્ડ સુધી મુકવા તો આવે ને? મેં પણ એને સારૂ લગાડવા કહયું... બહેન રહી જાને હજુ બે-ચાર દહાડા... પણ બહેન હસતા હસતા બોલી...ના રે મારા વિરા...આ બાળકોની છુટ્ટી પુરી થવા આવી હવે તો મારે મારા ઘરે જવુ જ જોઇએ ને?

આમને આમ સમય પતંગિયાની પાંખે વહેતો રહયો અને એક સમય એવો આવ્યો કે મારા વાલિદ સાહબની મિલ્કત વહેંચવા અમો તૈયાર થયા ત્યારે પણ મેં મારા ભાઇ જોડે રહીને મારી બહેનને થોડુ ઘણું આપીને રાજી કરી લીધી હતી. જે બહેનના માટે ના ઇન્સાફી અમે કરી હતી બહેનને ગામના ચોવટીયાઓએ ચગાવી પણ ખરી પણ મારી બહેન કયારેય અમારી સામે કોર્ટે ન જ ચઢી. મારી માંએ પણ મિલ્કત માંથી બહેનને પુરેપુરો હિસ્સો આપી દેવા જણાવ્યું પણ અમો બન્ને ભાઇઓએ માંની વાતનો પણ નકાર કર્યો. મારી બહેન આ બધુ ચુપચાપ ત્યાં હાજર રહીને સાંભળતી જ હતી પણ એણે એક હરફ મોઢેથી ન ઉચ્ચાર્યો.

આમને આમ થોડા સમયમાંજ સંયુકત પરિવારમાં રહેતા મારા મોટા ભાઇ પણ અલગ જતા રહયા. માં પણ મોટા ભાઇ જોડે જ ગઇ. હું અને મારી પત્ની ઘણા ખુશ થયા કે હાશ હવે આપણે આનંદથી રહીશું. પણ અમારી આ ખુશી વધારે દહાડા ન ચાલી ને એકા એક જ મારા દિકરાને ટી.બી. થઇ ગઇ. અને મારી પાસે જે હતુ એ બધુ ધીમે ધીમે દિકરાની સારવારમાં ખર્ચાય ગયું. ઉપરથી લાખેક રૂપિયાનું માથે દેવું થયું એ અલગ. ધીમે ધીમે તો બે વખત જમવાના ફાફા પડવા માંડયા. હું અને મારી પત્ની દુ:ખી દુ:ખી થઇ ગયા. એક દિવસ બપોરે હું વિચારોના વમળમાં જરા આડે પડખે થયો ત્યાં જ મારી બહેનનું અણધાર્યું આગમન થયું. મારી પત્નીએ મને જણાવ્યું તો મને ઘણો ગુસ્સો ચઢયો કે આમ દુકાળમાં અધિક જેવી

આજે કયાં ટપકી પડી? આમ પણ મારી સ્થિતી નાજુક છે ને આ મનહુસ આંગણે આવીને ઉભી. ક મને મોટી બહેનને આવકારવી તો પડી જ. ને ધીમે રહીને પત્નીને સમજાવી દીધી કે સાંભળ કોઇ જરૂરત નથી બહેન માટે જમવાનું બનાવવાની. જે હશે એ પીરસી દેજે.

અને થોડી વાર પછી મારી બહેન મારા પાસે આવીને બેઠી. મેં ઘૃણાથી એની સામે જોયું. પણ એણે તો મારા માથે પ્રેમથી હાથ ફેરવવા માંડયો. અને બોલી... મારા...વીરા... હું તો તારી મોટી બેન છું તુ તો ભયલો મારા ખોળામાં રમીને મોટો થયો પણ ભાઇ તુ આજે આમ અકાળે વૃધ્ધ જેવો થઇ ગયો. વયમાં મારાથી પણ મોટો લાગે છે. આમ કહેતા એણે હળવે રહીને એની થેલી ઉઘાડી અને સોનાની બે બંગડી કાઢી અને મારા હાથમાં મુકી અને રડતા સ્વરે બોલવા લાગી...ભયલા...શા માટે પરેશાન થાય છે? તારી મોટી બહેન હજુ જીવતી છે. મારા બાળકો સ્કુલ ગયા છે. એટલે જલ્દી જલ્દી તને મળવા આવી ચઢી, ભાઇ મારી આ સોનાની બંગડીઓ વેચી નાંખજે અને મારા ભત્રીજાને સારામાં સારી હોસ્પિટલમાં ઇલાજ કરાવ. હળવે રહીને મને સોગન આપતા ફરી બોલી ભાઇ આ વાત છાની રાખજે. માં અને ભાઇને પણ ન જણાવતો. અને ભાઇ આ લે રોકડા પાંચ હજાર પણ આપું આમ કહીને એણે સાવ ચુંથાયેલી સોની, દસની, પચાસની નોટો મારા હાથમાં થમાવી. કદાચ મારી બહેને એ પૈસા કરકસર કરીને બચાવ્યા હશે જે મને આપી રહી હતી.

થોડી વાર પછી એ જવા માટે ઉભી થઇ તો મારી નઝર ઓચિંતી એના પગ પર પડી. એના પગમાં તુટેલી સ્લીપર હતી અને એના વસ્ત્રો પણ જુના હતા. જ્યારે પણ એ આવતી કયારેય મેં એને નવા કપડાંમાં જોય ન હતી. અને મારી એ મોટી બહેન સજળ નયને મારા ઘરેથી વિદાય થઇ. આંખોથી ઓજલ થઇ ત્યાં સુધી હું એને જોતો જ રહયો.

મારી બહેનનો આવો અદકેરો ભાવ જોઇને હું તો ભાવવિભોર બની ગયો. અને વિચારવા લાગ્યો કે હું કેટલો સ્વાર્થી કે મારી જ બહેનને વારસો પહેલા નજેવો હિસ્સો આપીને પટાવી હતી. અને પારકી જણી જેવો વ્યવહાર પણ કર્યો એની જોડે. પણ વાહ રે મારી બેના તારાથી મારૂ દુ:ખ જરા પણ બરદાસ્ત ન થયું ને એક તણખલા જેવી બેની દોડી આવી મારી મદદે. હું એની બંગડીઓ હાથમાં પકડીને રડી રહયો હતો અને વિચારતો કે કોણ જાણે એના ઘરે કેવા કેવા દુ:ખોનો એ સામનો કરી રહી હશે? મને રડતો જોઇને મારી પત્ની પણ રડતા રડતા બોલી સાચે જ આપણે જીવનમાં મોટી બહેનને અન્યાય જ કર્યો છે. અને એની ઉદારતા તો જુવો... આવા કપરા વખતે આપણને મદદ કરવા દોડીને આવી...વાહ નણંદજી વાહ.

મિત્રો કયારેક ખરા હૃદયે બહેનોની પાસે બેસીને એની કુશળતા પણ પૂછી લેવુ જોઇએ. ભાઇઓના આવા હેતથી જ આપણી બહેન તો રાજીના રેડ થઇ જતી હોય છે.

મારો અંગત અનુભવ પણ છે કે કયારેક આપણી દશા કફોડી હોય તો પણ બહેનને તરછોડવી નહીં. પછી જોજો એના આગમનથી પાક પરવર દિગાર આપણને કેટ કેટલી નેઅમતોથી નવાઝે છે કે નહીં. આપણા મનમાં એમ થાય કે બહેન આપણે ત્યાં આવશે તો ખર્ચો વધી જશે...કંઇક માંગશે...કંઇક આપવુ પડશે. અને માં જો પોતાની જ દિકરીને કંઇક આપી દે તો પણ આપણે આંખો કાઢીયે છીએ કે મારા ઘરમાં ઓછુ થઇ જશે. પણ મિત્રો એવું છે જ નહીં. જયાં સુધી આપણે આપણી માં જણી બહેનો ઉપર રહેમ દ્રષ્ટિ રાખશું પાક પરવર દિગાર પણ આપણા ઉપર એની અમી નઝર રાખશે જ અને કદાચ આપણે આપણી બહેનોને આપણા આંગણેથી જાકારો દેશું તો કુદરત આપણને બધી બાજુએથી જાકારો આપશે.■

મુસલમાન ગરીબ શા માટે છે ?

- સંકલન:રઝા સોનગઢવાળા

લખવું નથી

આવક અને ખર્ચ જરૂર લખો. આવક-જાવકનો એક-એક પૈસો ચોપડામાં લખો. મહિનો પૂરો થતાં ધ્યાન પૂર્વક વાંચો કે કયો-કયો સામાન એવો લેવામાં આવ્યો કે ન લીધો હોત, તો પણ તકલીફ ઉઠાવ્યા વગર આપણી જરૂરીયાતો પુરી થઇ શકતી હતી. કયા-કયા ખર્ચા એવા થઇ ગયા છે કે જે ન કર્યા હોત, તો પણ આપણા જીવન-વ્યવહારને કશું સહન કરવું પડે તેમ ન હતું.

ખર્ચના લીસ્ટમાંથી એ બધી બાબતોને દૂર કરી દયો. હવે પછી એ ખર્ચા બિલકુલ ન થાય તેની તકેદારી રાખો અથવા ધીરે-ધીરે ઓછા કરી નાંખો. અનુભવસિધ્ધ બાબત છે કે, એમ કરવાથી ઇન્સાન દોલતમંદીની નજદીક થઇ જશે.

કમાણીને છુપી નથી રાખવી

આર્થિક નિરક્ષરતાને કારણે મુસલમાન ગરીબ રહી ગયો છે. મોટપ બતાવવાની ટેવ બહુ ખરાબ છે. થોડો ઘણો રૂપિયો કમાઇ શું લીધો, જીવન શૈલી જ બદલી નાંખી ! નત-નવીન કપડાં, નવું વાહન, બીજાને કહેતા ફરવું કે આ મહીને આટલા મળ્યા અને આટલા વાપર્યા.

હકીકતમાં ઇન્સાને પોતાની કમાણી અને આવકના સાધનો ગુપ્ત રાખવા જોઇએ, એટલે સુધી કે પોતાની પત્ની અને બાળકોને પણ તે બતાવવાની જરૂર નથી. પોતાની રહેણી-કરણી સાદી રાખવી. જીવનશૈલી એવી રાખવી કે ગરીબી અને અમીરી બન્ને સ્થિતિમાં સામે વાળાને એક સરખું જ લાગે. ખુદાના ખાસ્તા અમીરીમાંથી ગરીબીમાં આવી જવાય, તો પણ સામે વાળાને એની જાણ ન થઇ શકે.

ઉડાઉ ખર્ચની આદત

મુસલમાનની હાલત એ છે કે, હોય ત્યારે તાના-માના અને ન હોય ત્યારે છાના-માના. પગાર આવ્યો નથી કે, ઉડાડવાનું ચાલુ કર્યુ નથી. ન કોઇ આયોજન કે ન કોઇ ભવિષ્યનો વિચાર. બસ ગમે તેમ કરીને પંદર તારીખ સુધી તો પગાર માંડ-માંડ રહે, પછી પાછા હતા ત્યાં ને ત્યાં. ફરી ઉપાડ-હપ્તો અને કર્ઝની માયાજાળ.

આર્થિક અજ્ઞાનતા

આજના આધુનિક યુગમાં પણ મુસલમાનો આર્થિક સાક્ષરતાથી દૂર છે. નાણાનો ઉપયોગ કયાં કરવો અને કેવી રીતે કરવો એ વિશે તેની પાસે કોઇ માહિતી જ નથી. બસ પૈસા આવ્યા નથી કે ગ્યા નથી, પછી પાછા હતા ત્યાં ને ત્યાં !

હકીકત તો એ છે કે, ઇન્સાને પોતાની તમામ આવક ખર્ચ ન કરી દેવી જોઇએ. જરૂરી ખર્ચા કર્યા પછી અમુક રકમ તેણે દર મહિને નિયમિતપણે ભવિષ્યના આવનારા ખર્ચાઓ માટે અલગ મૂકવી જોઇએ. એ વાત સાચી છે કે, અલ્લાહ રોઝી આપનારો છે અને ભવિષ્યમાં પણ તે આપશે જ. પણ એનો મતલબ એમ પણ નથી કે આપણે મન ફાવે તેમ આપણી આવકને વેડફી નાંખીએ.

મુસલમાને બચતની આદત પાડવી જોઇએ. જો પૈસા વપરાઇ જતા હોય અને બચત ન થઇ શકતી હોય તો નીચે મુજબની કેટલીક પધ્ધતિઓને અમલમાં મૂકવી જોઇએ.

(૧) આર.ડી. (રીકરીંગ ડીપોઝીટ) :- દર મહિને નિર્ધારીત રકમ તમારા સેવીંગ એકાઉન્ટમાંથી આપો-આપ કપાઇને એક નકકી કરેલાં સમય માટે અલગ ખાતામાં જમા થતી રહે છે. પરંતુ અહિં હેતુ બચતનો હોવો જોઇએ, નહિં કે વ્યાજ ખાવાનો.

(૨) એસ.આઇ.પી. (સીસ્ટમેટીક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન) :- દર મહિને નિર્ધારીત રકમ તમારા સેવીંગ એકાઉન્ટમાંથી આપો-આપ કપાઇને તેનો ઉપયોગ નકકી કરેલાં મ્યુચ્યુઅલ ફંડના યુનિટ ખરીદવા માટે થાય છે.

(૩) પી.પી.એફ. (પબ્લીક પ્રોવીડન્ટ ફંડ) :- આ એક સરકારી પેન્શન યોજના છે. જેની મુદ્દત પંદર વર્ષની છે. દર માસે આ ખાતામાં પૈસા જમા કરાવતા રહેવાથી પંદર વર્ષના અંતે એક સારી એવી રકમ મેળવી શકાય છે. પરંતુ આમા પણ હેતુ બચતનો હોવો જોઇએ, નહિં કે વ્યાજ ખાવાનો.

(૪) પોસ્ટ ઓફિસની જુદી-જુદી બચત યોજનાઓ.

એ વાત ધ્યાનમાં રાખવી અત્યંત જરૂરી છે કે, ભેગા કરેલાં રૂપિયા વપરાઇ ગયા પછી ફરી રૂપિયા ભેગા કરવાનો જોશ ઓછો થઇ જાય છે અને પરિણામ કંગાલીયત પેદા થઇ જાય છે. માટે બચત કરેલી રકમને અત્યંત સાવચેતીથી સમજી-વિચારીને ઉપયોગમાં લેવી.

નાણાં-નિષ્ણાંતની સલાહ

અર્થશાસ્ત્રના નિષ્ણાંતો જણાવે છે કે, તમે જે કમાવ છો, તે બધે- બધું ખર્ચી ન નાંખો. તમારી કમાણીનો ૨૦ ટકા હિસ્સો અગર તમે અચૂક બચત તરીકે અલગ મૂકતા રહેશો, તો ભવિષ્યમાં કદી પણ ગરીબ નહિં થાવ. (આ નિયમને અર્થશાસ્ત્રની ભાષામાં ૫૦-૩૦-૨૦ બજેટ રૂલ કહેવાય છે)

માલ-દોલત તાકત છે

અલ્લાહે માલ-દોલતમાં તાકત મૂકી છે. માલદાર વૃધ્ધ હોય તો પણ જોશમાં દેખાય છે.માલદાર વેપારી અન્ય દુન્યવી વ્યવહારોમાં પણ સાહસિક હોય છે. માલ તેને હિંમત અને શોર્ય દાખવવામાં એનર્જી અને તાકત પૂરી પાડે છે.

ગંદકી

ઇસ્લામી સાહિત્યના અભ્યાસ પરથી સ્પષ્ટપણે જાણવા મળે છે કે, ગંદકી, અસ્વચ્છતા, ઘરમાં કચરો રખવો, કરોળિયાના જાળા ઘરમાં રહેવા દેવા વગેરેના કારણે રોઝીમાં ઘટાડો થાય છે.

પરંતુ આજનો મુસલમાન આ બાબતને ધ્યાનમાં નથી લેવા માંગતો. જયાં-ત્યાં થુંકવાની ટેવ, ગમે ત્યાં કચરો નાંખી દેવો, ગમે ત્યાં ગંદકી કરી નાંખવી એ મુસલમાનોની જુની-પુરાણી ટેવ છે. ગંદકીના થર અને કચરાના ઢગલા જોવા મળે એટલે સમજી જવાનું કે મુસ્લિમ વિસ્તાર હોવો જોઇએ.

ગંદકીમાં અને ગંદા વિસ્તારમાં રહેતા હોવાને કારણે મુસલમાનો બિમારીમાં પણ ઝડપથી સપડાઇ જતા હોય છે, પરિણામે આવકનો એક મોટો હિસ્સો સારવાર અને દવા પાછળ ખર્ચાઇ જાય છે.

ઉંઘની મોહબ્બત

અલ્લાહ તઆલાએ રાતને આરામ અને ઉંઘ માટે બનાવી છે અને દિવસને રોઝી મેળવવા માટે બનાવ્યો છે. પરંતુ મુસલમાનની હાલત એ છે કે, તે મોડી રાત સુધી પાટીયા-બેઠકોમાં અથવા તો કેરમ અને ક્રિકેટ રમવામાં મશગૂલ છે. સુબ્હ સાદિકનો બહેતરીન સમય કે જયારે અલ્લાહ રોઝીની વહેંચણી કરે છે, ત્યારે મુસલમાન ગોદડું ઓઢીને સૂતો પડયો હોય છે. પછી કયાંથી ગરીબી દૂર થાય ? !

પક્ષીઓ અને જાનવરો સુધ્ધાં રોઝી મેળવવા માટે ઘરની બહાર નીકળી ચૂકયા હોય છે, ત્યારે હજુ મુસલમાન તો પોતાની પથારીને મૂકવાનું નામ નથી લેતો. રાતનો સમય નકામા અને વ્યર્થ કામોમાં પસાર કરે છે, અને દિવસનો સમય ઉંઘ અને આરામમાં ખર્ચાઇ જાય છે.

ગરીબીના અન્ય કારણો

(૧) વ્યભિચાર (ઝીના) (૨) ગરીબીની જાહેરાત કરવી (૩) ભેળસેળવાળી વસ્તુ વેચવી (૪) ખયાનત (૫) ચોરી (૬) દારૂનું સેવન (શરાબ) (૭) કત્એ રહેમ (ઘરના સભ્યો, સગા-સંબંધીઓ અને કુટુંબીજનો સાથે ખરાબ વ્યવહાર) (૮) જરૂરતમંદને ન આપવું (૯) લાલચ (૧૦) જૂઠ (૧૧) દુઆ ન કરવી (૧૨) મા-બાપને નારાઝ કરવા (૧૩) ઝકાતની ચૂકવણી ન કરવી (૧૪) જૂઠી કસમ ખાવી. ■

મુસ્લિમ સમાજ :વહેંચાયેલો, નિરાધાર, નિ:સહાય

દેશના મુસ્લિમો હાલમાં એક મુંઝવણભરી પરિસ્થિતિમાંથી પસાર થઇ રહયા છે. આર્થિક, સામાજિક,રાજકીય કે ધાર્મિક ક્ષેત્રે ભારતીય મુસ્લિમ સમાજ અને વિખવાદો વચ્ચે ઘેરાયેલો છે. સમાજના વિદ્વાનો, સામાજિક લીડર, મુસ્લિમ રાજકીય નેતા, ધર્મ ગુરૂઓ પણ આ પરિસ્થિતમાંથી મુસ્લિમ સમાજને બહાર કાઢવામાં સદંતર નિષ્ફળ નીવડયા છે. મુસ્લિમોની આ નિષ્ફળતાને દૂર કરવાની દિશામાં કાર્ય કરી રહેલા લોકોની સંખ્યા ખુબ જ જૂજ છે બલકે એમ કહેવામાં અતિશ્યોકિત નથી કે આંગળીના વેડે ગણાય એટલાં જ લોકો આમાં દેખા દે છે. મોટાભાગનો વર્ગ મુસ્લિમ સમાજની સમસ્યાથી આંખ આડા કાનની નીતિ અપનાવી રહયો છે.

મુસ્લિમોની હાલની દુ:ખદ પરિસ્થિતના અનેક કારણો છે. એમાં સૌથી મોટું કારણ કહો કે બહુ મોટું પરિબળ કોમ્યુનિકેશન ગેપ એટલે કે સંકલનનો સંપૂર્ણ અભાવ છે. એક સમય હતો જયારે મુસ્લિમ સમાજમાં શિક્ષિત લોકોની સંખ્યા ઓછી હતી પરંતુ લોકો ભોળા હતા. દિલના અમીર હતા,જેમ-જેમ સમાજમાં અજ્ઞાનતા દૂર થતી ગઇ, સુખ સુવિધાઓ વધતી ગઇ,લોકો સક્ષમ થતા ગયા, શિક્ષણ વધતું ગયું એમ.એમ. કોમ્યુનિકેશન ગેપ પણ વધતું ગયું. અંગત સ્વાર્થ નામની બીમારીએ સમાજને ખોખલો કરી દીધો છે.

માનવીના સ્વભાવમાં લાલચ નામનું તત્વ કુદરતે મુકયું છે, એક મુસ્લિમમાં દુનિયાની લાલચ કરતા પરલોકની લાલચ વધારે જોવા મળતી હોય છે. પરંતુ જયારે વાસ્તવિક જીવનમાં એવું જોવા મળી રહયું છે કે દુનિયાની સમૃદ્ધિ જોઇને તે પરલોક કરતા દુનિયાના જીવનને વધુ મહત્વ આપવા લાગી ગયો છે. એટલું જ નહીં તે પોતાના અંગત સ્વાર્થને સાધવા માટે સમાજના નુકસાનની પણ પરવા કરતો નથી. આ પ્રકારના વ્યકિતઓ સમાજને ફાયદો ઓછો અને નુકશાન વધારે પહોંચાડી રહયા છે. અંગત સ્વાર્થને કારણે મુસ્લિમ સમાજ અલગ અલગ જુથોમાં વહેંચાતો ગયો અને અનેક સમાજ વિરોધી શકિતઓનો શિકાર બનતો ગયો પરંતુ અફસોસ કે મુસ્લિમ સમાજમાં આટલા બુદ્ધિજીવીઓ, ધર્મગુરુઓ,નેતાઓ, લીડરો હોવા છતાં સમાજ દિશાવિહીન છે.

પ્લાનિંગ જ નથી !

મુસ્લિમ સમાજમાં શિક્ષક,પ્રોફેસર,પત્રકાર,ડૉકટર, એન્જિનિયર, વકીલ, ફાર્મસિસ્ટ, નર્સ, વેપારી, ઉદ્યોગપતિ અને મોટી સંખ્યામાં આલિમો છે અને તેઓ તેમના પોતાના દ્વારા ઉભા કરેલા નાના-નાના પ્લેટફોર્મ દ્વારા અનેક પ્રકારની અલગ-અલગ સેવા થકી દેશ અને સામજની પ્રગતિમાં ફાળો આપી રહયા છે.પરંતુ આ મામલે એક કડવી વાસ્તવિકતા એ છે કે તેમના આ સેવાકિય કાર્યનો લાભ સમાજના એક નાના વર્ગ સુધી જરૂર પહોંચે છે પરંતુ તેનાથી મોટાભાગના લોકો વંચિત રહે છે. અને તેનું મુખ્ય કારણ યોગ્ય પ્લાનિંગ નો અભાવ છે. તે વ્યવસ્થાને પહોંચી વળવા સમાજના અલગ અલગ વિભાગના એકસપટ્ર્સ (નિષ્ણાંત) ની જરૂરત પડતી હોય છે અને તેનું કોઇ ઉદાહરણ આપણે ત્યાં જોવા મળતું નથી.

સંકલન કે સલાહમાં બરકત

આપ સલલ્લાહો અલયહિવસ્સલમે પરસ્પર સલાહ અને કોઇપણ કાર્ય કરતાં પહેલાં અભિપ્રાય લેવાનું ખુબ મહત્વપૂર્ણ ગણાવ્યું છે. હદીસોમાં આવે છે કે આપ સલલ્લાહો અલયહિવસ્સલમ દરરોજ ફજરની નમાઝ પહેલાં માં આયશા (રદી) થી ચર્ચા કરતા. મસવેરો લેતા. સામુહિક જીવનમાં પણ આપ સલલ્લાહો અલયહિવસ્સલમની આ જ પધ્ધતી હતી. એના ઘણાં ઉદાહરણો આપ (સલ.) ના જીવનમાંથી મળે છે. ઉદાહરણરૂપે લોકોને નમાઝ માટે બોલાવવા બાબતે શું કરવું, કેવી પધ્ધતી અપનાવવી આમ આપ સલલ્લાહો અલયહિવસ્સલમ જયારે તમામ માનવજાતિ માટે એક આદર્શ છે, (કુર્આન, સુરહ અહઝાબ, આયત નંબર ૩૩) તો સામાજીક એકતા સ્થાપવા માટે તો સૌ પ્રથમ સમાજનો પાયો કહેવાતા લોકો જેઓ શિક્ષક, પ્રોફેસર, પત્રકાર,ડૉકટર, વકીલ, ફાર્મસિસ્ટ, નર્સ, વેપારી, ઉદ્યોગપતિ, આલિમો, વિદ્યાર્થીઓએ પોતાના સેકટરને લગતાં યુનિયનો કે તન્ઝિમ (સંસ્થા) વિશે વિચારણા કરવી જોઇએ. કોઇપણ કામ સંકલન અથવા મસવેરા સાથે કરવાથી બરકત રહે છે એ વાત મુસ્લિમ સમાજ ભુલી રહયો છે.

વડીલોની અમાન્યા

છેલ્લાં બે દસકમાં એવું તારણ સામે આવ્યું છે કે, મુસ્લિમ સમાજમાં કોઇને મોટા એટલે કે વડીલ અથવા માર્ગદર્શક અથવા તો રહબર માનવાની શકિત ગુમાવી દીધીછે. દરેક ઘરમાં એવો માહોલ છે કે, તેમના પરિવારથી બીજા ઘરના લોકો બળે છે અને તેમની પ્રગતિમાં બાધારૂપ બની રહયો છે. મોહલ્લામાં એકબીજા સાથે વાતચીત કે તાલમેલનો સંપૂર્ણ અભાવ જોવા મળે છે. કોઇને એકબીજાના દુ:ખ વહેંચવામાં રસ નથી, વડીલોની અમાન્યા કરતાં ઠઠ્ઠા મશ્કરીમાં વધુ રચ્યા પચ્યા રહે છે.

પાન - માવા -ગુટખા અને ચામાં સમાજ બરબાદ

સવારે ઉઠતાની સાથે જ અલ્લાહનું નામ લેવાને બદલે જે ઘરમાં ગાળોની ગૂંજ સંભળાય તે ઘરમાં બરકત કેવી રીતે આવી શકે છે. સવારની પહોરમાં નમાઝ પઢવાને બદલે મોઢામાં ગુટખા કે પાનમાવા નાંખીને ગમે ત્યાં થુંકતા થઇ જતાં સમાજના યુવાનોને રોકનાર કોઇ નથી. ખોટા કે ગંદા કામ કરતા લોકોને અટકાવવાની ભૂમિકા ભજવવા કોઇ તૈયાર નથી. પાન- માવા - ગુટખા અને ચાની રેકડી પર મુસ્લિમ સમાજ બરબાદ-વેર વિખેર નજરે પડી રહયો છે.

પ્રસ્તુતિ: શાહિદ પટેલ - કાંગવઇ

મૌલાના હસરત મોહાની

(૧૮૭૮-૧૯૫૧): સ્વદેશી આંદોલન સાથે જોડાયેલા હતા

મૌલાના હસરત મોહાની સાહેબ બહુમુખી પ્રતિભાના માલિક હતા. એક જ વ્યકિતમાં અનેક ખૂબીઓ જોવી હોય તો એમના જીવનનો અભ્યાસ કરવો રહયો. એમના જીવન વિશે જાણીએ ત્યારે સહેજે વિચાર થાય કે શું એક જ વ્યકિતમાં આટલી બધી ખૂબીઓ હોઇ શકે? તેઓ એક પોલિટિશિયન, સમાજસેવક, સ્વતંત્ર સેનાની, પત્રકાર, વિવેચક અને શાયર હતાં.

તેમનું અસલ નામ તો સૈયદ ફઝલુલ હસન હતું. પરંતુ તેઓએ પોતનું તખલ્લુસ હસરત રાખેલું. લોકો એમને એમના અસલ નામથી નથી જાણતા પણ હસરત મોહાનીના નામથી જાણે છે. ઉત્તર પ્રદેશના ઊંનાઓ જીલ્લાના મોહન ગામમાં એમનો જન્મ થયેલો. એમણે ઉર્દૂ, ફારસી અને અરબીમાં શિક્ષા મેળવેલી. ત્યારબાદ અલીગઢથી બી.એ.થયા હતા. વધુ અભ્યાસ માટે એમણે લો માં એડમિશન લીધેલું પણ ભણવાનું અધવચ્ચે મૂકી દઇ ભારતની સંપૂર્ણ આઝાદી માટેની લડાઇમાં ઝંપલાવી દીધુ. તેઓ કોંગ્રેસ, મુસ્લિમ લીગ, કમ્યુનિસ્ટ અને જમિયત - એ-ઉલ્માએ હિન્દ સાથે જોડાયેલા હતા. તેઓ ખૂબ જ ધાર્મિક હતા અને તે છતાં કમ્યુનિસ્ટ પાર્ટીની સભાઓના અધ્યક્ષ રહેતા! સ્વદેશી આંદોલન સાથે જોડાયેલા હતા. ભારતની આઝાદીની લડાઇમાં આખા ભારતમાં જે એક સૂત્ર ચોરે ચોરે બોલાતું તે ઇન્કલાબ ઝિંદાબાદ એમણે આપેલું.

સ્વતંત્ર ભારતનું સંવિધાન લખવા માટે બાબાસાહેબ આંબેડકરની અધ્યક્ષતામાં જે કમિટી બનેલી એના તેઓ એક સભ્ય હતાં. સંવિધાન લખાઇ ગયા બાદ બધાં કમિટી મેમ્બરોએ એના પર સહી કરવાની હતી, પરંતુ મોહાની સાહેબે સહી કરવાની ના પાડી કારણ કે એમને અમુક બાબતો સામે વાંધો હતો, ડૉક્ટર આંબેડકર અને કમિટીના અન્ય સભ્યો મૌલાનાની ખૂબ ઇજ્જત કરતા. મૌલાના સાહેબે બહુ નાની ઉમરમાં શાયરી લખવાની શરૂઆત કરેલી. શાયરીમાં એમની પસંદ ગઝલ હતી. તેઓ આજે પણ ગઝલોના શાયર કહેવાય છે. જોકે એમણે અન્ય પ્રકારની શાયરી પણ લખેલી છે. એમના સમયમાં શાયરો અને લોકો ગઝલથી દૂર થઇ ગયા હતા. ગઝલ મૃત્યુ શય્યા પર હતી જે મૌલાના સાહેબના પ્રયત્નોના કારણે ગઝલને નવું જીવન મળ્યું. જીવનની સચ્ચાઇ અને અન્ય વિષયો પર એમણે શાયરી કરી. એમના સમયકાળમાં ભારતમાં જે સામાજીક અને રાજકીય વાતાવરણ હતું એનું પ્રતિબિંબ એમની શાયરીમાં સહજ જોવા મળે છે. આ સિવાય એક સ્વતંત્ર સેનાની હોવાના લીધે બ્રિટિશ હુકુમત એમને વારે ઘડીયે જેલમાં નાંખતી. જેલમાં તેઓ પોતાની ડાયરી લખતા. આ ડાયરી પણ પ્રકાશિત થયેલી. તેઓએ એમના પહેલાના અને એમના સમયના અન્ય શાયરોની રચનાઓના સંગ્રહો પણ બહાર પાડેલાં.

એમની અમર ગઝલ ચૂપકે ચૂપકે રાત દિન આંસુ બહાના યાદ હે ભાગ્યે જ ગઝલના કોઇ આશિકે સાંભળી નહીં હોય. ગુલામ અલીથી લઇ અનેક ગાયકોએ આ ગઝલ ગાયેલી છે. ૧૩ મે ૧૯૫૧ ના રોજ લખનૌ ખાતે એમણે આ ફાની દુનિયાને અલવિદા કહી. ભારતના અનેક શહેરોમાં એમના નામના રોડ છે. અલીગઢ યુનિવર્સીટીની એક હોસ્ટેલને એમનું નામ અપાયું છે.■

આપણી બરબાદીનું અસલ કારણ

દરેક જગ્યાએ મુસલમાનોને માર પડવાનું કારણ. તો પછી આપણી બરબાદીનું અસલ કારણ અને સબબ શું છે ? તો ચાલો જાણીએ કે કુર્આન આ વિષે આપણને શું માર્ગદર્શન આપે છે અને આવી પરિસ્થિતિનું નિરાકરણ શું બતાવે છે ? કુર્આનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે ..

وَلَا تَهِنُوا وَلَا تَحْزَنُوا وَأَنتُمُ الْأَعْلَوْنَ إِن كُنتُم مُّؤْمِنِينَ.

(સુરહ આલિ ઇમરાન:આયત ૧૩૯:પારહ ૪)

તર્જુમો:- તમે ન કમજોર પડો અને ન ગમગીન રહો, જો તમે વાસ્તવમાં મોમીન બનીને રહેશો તો તમે જ બુલંદ રહેશો.

ઉપરોકત આયતમાં અલ્લાહ તઆલા એ મુસલમાનોને સાફ સાફ વાયદો કર્યો છે કે તમે હંમેશા બુલંદ અને સફળતાની સાથે રહેશો, પરંતુ શર્ત એ છે કે તમે પુરેપુરા મોમીન અને શરીયતના પાબંદ બનીને રહો.

હવે આપણે જરા આપણા સમાજ અને માહોલમાં નજર દોડાવીએ, આપણી અંદર પોતે ઝાંખીને જોઇએ કે શું આપણે પુરેપુરા મોમીન છે ? શું આપણે શરીયતના પાબંદ બનીને રહીએ છે ? આજે આપણી અંદર જે રસમો અને રીવાજો રોજબરોજ જડ પકડીને આપણને બરબાદી તરફ હંકારી જાય છે તે શું ઇસ્લામી છે ? આજે નવજુવાન છોકરા-છોકરીની ભેગી તાલીમ જેણે બેશરમીની હદો પાર કરી ઇન્સાન અને જાનવર દરમિયાન મૌજુદ તફાવતને મીટાવી દીધો છે તો શું આ ઇસ્લામી માહોલ છે ? આપણી બરબાદીની બિમારીઓ આપણને બતાવનારા શરઇ તબીબો (આલીમો) ને માત્ર અને માત્ર બિમારી બતાવવા પર સરેઆમ બે ઇજજતી કરવી અને તેઓને બેવકુફ કહી તેમની બલ્કે શરઇ વાતોની મજાક ઉડાવવી શું આ ઇસ્લામી અખલાક છે ?

આજે આપણો કોઇ વ્યવહાર વ્યાજથી ખાલી નથી તો શું આ ઇસ્લામી તાલીમ છે ? આજે કોઇ કામ સ્વાર્થ વગર નથી થતું તો શું આ કોઇ શરઇ આદેશ છે ? જે કોમની પાસે જીવન જીવવા માટે સ્પેશ્યલ એક આસમાની નિઝામ હોવા છતાંય બીજા લોકોના માર્ગ અપનાવી તેને જ કામયાબી અને સફળતાની ચાવી સમજી તેઓના માહોલ, સંસ્કૃતિ અહીં સુધી કે તેઓની જ વિચારધારાને પૂરેપુરી ફોલો કરી તેઓના માનસિક ગુલામ વાર્ષિક મધર્સ ડે, ફાધર્સ ડે મનાવી માં-બાપની જીમ્મેદારી પૂર્ણ થઇ ગઇ સમજવી બેવકુફી નથી ? તે સ્ત્રી જેની આબરૂ પર એક વખત આંગળી ઉઠતા આખી જિંદગી બરબાદ થઇ જાય છે તો શું એવી સ્ત્રીને પડદામાં રહેવાનો આદેશ તેને ગુલામ બનાવવાને પાત્ર છે. ?

અસલ વાત તો એ છે કે આપણે વાસ્તવમાં બીજાઓની સંસ્કૃતિ, તેઓના દિમાગ અને વિચારધારાના ગુલામ બની ચુકયા છે... અને ગુલામને આ જ વાત શોભા દે છે કે તે માર ખાય, આ જ ગુલામી કારણ અને સબબ છે. આપણી પડતીનું, આપણી બરબાદીનું, આપણી દુર્દશાનું, આપણને પડનારી મારનું.

તો હવે આપણે યા તો ગુલામી છોડી દઇએ યા માર ખાતા રહીએ, આ અસંભવ છે કે ગુલામીમાં પણ રહીએ અને પોતાના સમાજ માટે બુલંદીના સપના પણ જોઇએ, તે માટે જો સમાજની બુલંદી જોવી હોય તો ગુલામી છોડી દઇએ અને જો ગુલામી જ કરવી હોય તો પોતાના સમાજની બરબાદીની ફરીયાદ છોડી દઇએ. ■

... જીવનની સાર્થકતા ...

જીવનની સંપૂર્ણતા અને સમાજ જીવનની સાર્થકતાનાં સંદર્ભમાં માનવ જીવનનાં નિશ્ચિત સમયગાળાની એકેએક ક્ષણ અતિ મૂલ્યવાન છે. તમે શું છો એ તમે જાણો જ છો અને તમે કેવાં છો એનો આખે આખો એનાલીસીસ ડાયોગ્રામ લોકો દિમાગમાં લઇને ચાલે છે. તેથી બહુ નમ્રતા પૂર્વક કહું છું કે તમે જેવા છો તેવાં રહો,જે તમે નથી તે બતાવવાની અને દેખાડો કરવાની કે તે અંગેની એકટીંગ કરવાની જરૂર નથી.

જીવનમાં એવા જ વ્યક્તિઓ સફળ થાય છે જેની પાસે ચોક્કસ કાર્યક્રમ છે. અને આવી સફળતાઓ કાંઇ પળભરમાં મળી જતી નથી. પણ આવી સફળતા મેળવવાનો વિચાર ક્ષણિક હોય છે અને આપણા સહુ માટે એ ક્ષણને પકડી લઇને એ તકને ઝડપી લેવાનું કાર્ય જ સફળતા સુધી લઇ જાય છે. તેથી જ આવેલાં સદ્‌વિચારોનો તરત જ અમલ કરો. સદ્‌વિચારો માનસિક ઉન્નતિ સર્જે છે. સાર્થક જીવનની સાચી પરિભાષા કોઇ આપી જ ન શકે. એ એક આત્મસંતોષની લાગણી છે એથી વિશેષ કશુ જ નહી. તમને જીવનમાં જે જાઇએ છે તે તમે પ્રાપ્ત કરી લો એટલે તમને જીવન સફળ થવાની અનુભૂતિ આપમેળે થવા લાગે. પણ એ સફળ જીવનની ઉંચાઇ પર જવાં માટે કોઇ ગરીબ, દુઃખીયારા કે કમજોરનો એક સીડી તરીકે ઉપયોગ ન કરવામાં આવે એ અતિ આવશ્યક છે. તમારી સફળતા કોઇકને પાડીને કે કોઇકને રંજાડીને પ્રાપ્ત કરેલી ન હોવી જોઇએ કે તમારો મહેલ કોઇકનું ઝુપડું તોડીને તૈયાર થયેલો ન હોવો જોઇએ.

સ્વૅટ માર્ડને પોતાનાં એક પુસ્તકમાં એક બહુ સરસ વાત લખી છે જેનો ચિતાર અહી રજુ કરું છું. તેઓ લખે છે કે, ચાર રસ્તા વચ્ચે ખરા બપોરે એક અંધ વૃધ્ધ સળગતું ફાનસ લઇ હાથ ઉંચો કરી ઉભો છે.એણે કયાં જવું છે તે કોઇને તે કેહતો નથી. અને એણે કયાં જવું છે તે એને કોઇ પુછતું નથી. અને આવતા જતા લોકો વિચારે છે કે કયાં તો આ ડોસો પાગલ છે કયાંક તો તે કોઇ મહાન ચિંતક છે. કે ખૂદ તો તે આંધળો છે અને ભરબપોરે સળગતું ફાનસ લઇને નીકળ્યો છે. આ વૃધ્ધ ફુટપાથ પર નહી કે ગલીનાં નાકે નહી પણ બરાબર ચૉકમાં ઉભો છે જયાં બધાં રસ્તા ભેગા થાય છે. તમે શું વિચારો છો ? આ વૃધ્ધ કોણ હશે? તો સાંભળો એ કોઇ બીજું નહી આજના જિવાતા સમાજનું એક પ્રતિક છે. તે એકવીસમી સદીનાં દિશાહિન વ્યક્તિનું પ્રતિક છે. આ એક ઉદાહરણ છે આપણા માટે કે આપણે સહુ પેલા અંધ વૃધ્ધ જેવાં જ છીએ.જેનાં દરેક કાર્યનો કોઇ અર્થ જ નથી નીકળતો.

જેમ-જેમ સમય વીતતો જાય છે તેમ તેમ આપણે દિશાઓ ભુલતાં જઇએ છીએ. આપણે દિશાવિહીન બનતાં જઇએ છીએ. આપણે ફકત આપણાં સ્વાર્થનો જ વિચાર કરીએ છીએ. સ્વાર્થ આગળ આપણી નૈતિકતા હારતી જાય છે અને લાભ સામે માનવ મૂલ્યો પાંગળા થતાં જાય છે. આંતર ચક્ષુઓને મોતીયા આવી ગયા છે અને આંતર સમજબુઝનાં દેવાળા ફુકાયાં છે. આપણે જીવનનાં એવાં ચોરાહા પર ઉભેલાં છીએ કે દિશા તો ઘેરી શકીએ છીએ પણ કઇ દિશામાં ડગ માંડવા તે નક્કી કરી શકતાં નથી. આપણે સહુ દિશા વગરની દશામાં જીવી રહ્યાં છીએ.

બીજ નાંખ્યા પછી બીજ નાંખનારને એ ખબર હોય છે કે આ બીજનું અંકુર છોડ થશે કે વૃક્ષ થશે, ફુલ થશે કે થોર, વડ થશે કે વેલો. પણ આપણું અંકુર ફુટવાનાં સમયે આપણે એ નક્કી કરી શકતાં નથી કે આ બાળક સજ્જન બનશે કે દુર્જન, સંત બનશે કે ગુરુઘંટ, માનવ બનશું કે દાનવ. આ કોણ જાણી શકે કે જણાવી શકે! આપણું સર્જન કરનાર તો અલ્લાહ છે પણ આપણું ઘડતર સંસ્કારોથી થાય છે. આ સમાજ

તો ધોબીઘાટ જેવો છે. જેમ ધોબીને ત્યાં બધા જ પ્રકારનાં કપડાઓ આવે છે તેમ સમાજમાં બધાં જ પ્રકારનાં વ્યકિતઓ વસવાટ કરે છે. પણ એમાં તમારે કયા પ્રકારનાં સમાજ સભ્ય બનવું છે એ તમારે નકકી કરવાનું છે.

આપણા સમાજની મોટી વિટંબણા એ છે કે, સમાજ જીવન કેવી રીતે જીવવું તે માટે સમાજ સભ્યને સમજણ પાડવી પડે છે. વ્યકિતત્વનાં વિકાસની આડમાં જ પર્સનાલીટી ડૅવલપમૅન્ટનાં આધુનિક ધંધાઓ શરૂ થયાં છે. અને આ કોર્સિસ માં મોટો જમાવડો પણ થાય છે. આ જમાવડો એ દર્શાવે છે કે અમારું વ્યકિતત્વ બરાબર નથી તો અમને વ્યકિતત્વ વિકાસ માટેની ટીપ્સ આપો. અને હું નથી માનતો કે પર્સનાલીટી ડેવલપમેન્ટ માટે કોઇ કોર્સ કરવો પડે! અને આ થાય છે! પણ એ કેમ કરવું પડે ? શું આપણે ડોબા પેદા થયાં છીએ? આપણામાં બુધ્ધિ નથી? ના, આપણે સહુ હોશિયાર છીએ. કૌશલ્યવાન, સુશીલ અને બાહોશ છીએ પણ આપણને આપણા કામમાં જ રસ નથી.આપણને તો જાણે કે બીજાનાં જીવનની સુપરવાઇઝીંગ કરવા માટે જ ધરતી પર મોકલ્યા હોય તેમ આપણે બીજાનાં જીવનમાં જ તાકાઝાકી કરતાં રહીએ છીએ. અને આમ કરવાથી પોતાનાં જવનની દરકાર કરી શકાતી નથી અને તેથી જ પર્સનાલીટી ડેવલપમેન્ટનાં કોર્સીસ જોઇન કરવા પડે છે. તમે સિંહને ઘાસ નાંખો એ નહી ખાય, બકરીને માંસ નાખો એ નહી ખાય, પક્ષીને રોટી નાંખો નહી ખાય, દાણા નાંખો તો ખાશે. પણ માણસોમાં એવું નથી ! તમે સુગરનાં મરીઝને મીઠાઇ આપો તો જરૂર ખાશે, ડૉકટરે ના પાડેલી વસ્તુ ખાશે નહી દેશી ભાષામાં કહું તો થોકશે. એ લગ્ન પ્રસંગમાં રોટી,ચાવલ,મૅંગી,મીઠાઇ,ચકતા, પાપડ,અઠાણું વગેરે જમી લીધા પછી જો એને એ માલુમ થાય કે પીઝા,બર્ગર,પાનીપુરી,સેન્ડવીચ અને દહીંપુરી પણ છે તો માય ફૅવરીટ કહીને એય થોકશે. અને આ સર્વે જીવનની સાર્થકતા માટેનાં પર્યાયો નથી. શું આપણે પશુ-પક્ષીઓ કરતા પણ ગયા ગુજરા છીએ. અલ્પ બુધ્ધિવાળા છીએ! ના. પણ આમ્ ના માં ઉત્તર વાળવા માટે અને જીવનની સાર્થકતા માટે આપણે દેખીતા અંધકાર માંથી બહાર આવવું પડશે.

અને તે માટે...

(૧) માનવમનનાં પરિવર્તન અને નવસંસ્કૃતિનાં સર્જનમાં માણસ પોતાની લાગણી અને આચાર વિચારની પ્રક્રિયાઓ વિશે જાગૃત બને.

(૨) સ્વસજાગતાં અને સ્વજાગૃતિ માટે પોતે જ પોતાનાં નિરીક્ષક અને આલોચક બને.

(3) જાગૃત મન પર વિચારો અને સંવેદનશીલતા ની સમતુલા જળવાઇ રહે તે માટે હિંસક પ્રવૃત્તિ અને અસામાજિક બાબતોથી દૂર રહે.

(૪) કુદરતે બનાવેલી દરેક વસ્તુમાં જ જો તેને શોધવામાં આવે તો તે સરળતાથી મળી જાય. આ પૃથ્વીની શોભા,નિસર્ગ દર્શનનો આનંદ, પૃથ્વીની માટીનો આહ્લાદક સ્પર્શ, ઝરણાઓનું સંગીત, વહેલી સવારનો પંખીઓનો કલરવ, સાગરનાં વહેણનો નાદ્ ,પૃથ્વી પર રહેતાં લોકો સાથે પ્રેમ, દયા અને લાગણીના સંબંધો ન હોય તો આપણે અલ્લાહને ઓળખતા હોવાનો કે તેને પામી લીધો હોવાનો નિરર્થક દાવો કેવી રીતે કરી શકીએ?

(૫) જીવનની સ્વસ્થતા માટે પોષ્ટિક આહાર અને માનસિક સ્વસ્થતા માટે વિચારોની શુધ્ધતા કેળવો. અશુધ્ધ વિચારોથી દૂર રહો.

(૬) તમે સમયસર કાર્ય કરો અને કામને સમય આપો. નિરર્થક બેસી ન રહો.

(૭) સમયને સાચવો; સમય તમને સાચવશે.

(૮) સદ્‌વિચારોનો ત્વરિત અમલ કરો.

(૯) લક્ષ્ય સાથે જીવો. દિશાવિહીન ન બનો.

(૧૦) જીવતી લાશો નહિ પણ વૃધ્ધ થઇને પણ ચપળ રહી શકો તેટલી એકાગ્રતા કેળવો

— પટેલ મ.સાલેહ મ.હુશેન. (નૂર લિંડીયાતવી)

ડાયાબિટીસ

ડાયાબિટીસ એટલે શું ?

જેને આપણે મધુપ્રમેહની બીમારી તરીકે ઓળખીએ છીએ તે ડાયાબિટીસનું આખું નામ છે 'ડાયાબિટીસ મેલાઇટસ'. *ડાયાબિટીસ એટલે વધુ પેશાબ અને મેલાઇટસ એટલે મીઠું (મધ જેવું) - મધ જેવો મીઠો પેશાબ એટલે મધુપ્રમેહ ઉર્ફે ડાયાબિટીસ મેલાઇટસ.* હવે પછી, સરળતા ખાતર માત્ર ડાયાબિટીસ તરીકે જ રોગનો ઉલ્લેખ કર્યો છે.

ડાયાબિટીસના દર્દીમાં, શરીરના ગ્લુકોઝનું નિયમન કરનાર અંતઃસ્રાવ ઇન્સ્યુલિનની અછત વર્તાય છે. ઇન્સ્યુલિનનું મુખ્ય કામ ગ્લુકોઝના અણુઓ લોહીમાંથી દર્દીના કોષોની અંદર પહોંચાડવાનુ છે. ઇન્સ્યુલિનની અછતને લીધે ગ્લુકોઝના અણુઓ લોહીમાંથી દર્દીના કોષોની અંદર પહોંચી નથી શકતાં. પરિણામે, શરીરમાં પુષ્કળ પ્રમાણમાં ગ્લુકોઝ હોવાં છતાં એનો ઉપયોગ શરીરના કોષો કરી નથી શકતા. શરીરની હાલત ગેરવ્યવસ્થા અને અરાજકતાથી ભરપૂર રાજય જેવી થઇ જાય છે કે જેમાં પુષ્કળ અન્ન પાકતું હોવા છતાં લોકો ભૂખમરાથી મરે છે. શરીરમાં પુષ્કળ ગ્લુકોઝ હોવા છતાં ડાયાબિટીસના દર્દીના કોષો ગ્લુકોઝના અભાવે ટળવળે છે. લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ (૧૮૦ મિ.ગ્રા./ડે.લી.થી વધારે) વધી જવાથી લોહીમાંનો વધારાનો ગ્લુકોઝ પેશાબ વાટે શરીરની બહાર નીકળવા માંડે છે. શરીરને પોષણ આપનાર આ મહત્વનો ઘટક આ રીતે વેડફાઇ જવાથી દર્દીની સ્થિતિ કફોડી થઇ જાય છે. એને ખૂબ ભૂખ લાગે છે, તરસ લાગે છે અને ખૂબ પેશાબ થાય છે; અને લાંબે ગાળે આંખ, હૃદય, કિડની, ચેતાતંતુ વગેરેને નુકસાન થવાથી અનેક કોમ્પ્લિકેશન ઊભા થાય છે.

તંદુરસ્ત માણસનાં લોહી - પેશાબમાં નોર્મલ શુગર કેટલી હોય?

સૌ પ્રથમ તો 'શુગર' એટલે શું એ સમજી લઇએ. 'શુગર'નો અર્થ ગુજરાતીમાં 'સાકર' કે સંસ્કૃતમાં 'શર્કરા' થઇ શકે. *સામાન્ય રીતે જ્યારે લોહી કે પેશાબમાં રહેલ 'શુગર'ની વાત ચાલતી હોય ત્યારે એ ગ્લુકોઝની વાત છે એમ માનવું.* ગ્લુકોઝ એ શરીરનાં કોષોને શકિત પૂરી પાડનારું એક અગત્યનું બળતણ છે. આપણા ખોરાકમાં શક્તિનાં મુખ્ય ત્રણ ઘટકો હોય છે - કાર્બોહાઇડ્રેટ; પ્રોટીન અને ચરબી. આ ત્રણમાંથી સૌથી વધુ હિસ્સો ધરાવનાર કાર્બોહાઇડ્રેટ જુદા-જુદા અનેક સ્વરૂપે ખોરાકમાં હોય છે. અનાજ, દાળ, બટેટાં, શકકરિયાં, કંદ, ફળો, શાક વગેરેમાં કાર્બોહાઇડ્રેટનો હિસ્સો ઘણો મોટો હોય છે. જયારે જુદા-જુદા સ્વરૂપે કાર્બોહાઇડ્રેટને ખોરાકમાં લેવામાં આવે ત્યારે ખોરાકનું પાચન થયા પછી છેવટે મોટાભાગનો હિસ્સો ગ્લુકોઝમાં રૂપાંતર પામે છે.

આખી રાત દરમ્યાન કંઇ ખાધું ન હોય તો બીજે દિવસે સવારે ભૂખ્યા પેટે દર ૧૦૦ મિ.લી. લોહીમાં આશરે ૭૫ થી ૧૧૫ મિ.ગ્રા. જેટલો ગ્લુકોઝ તંદુરસ્ત વ્યક્તિમાં જોવા મળે છે. ખોરાક લીધા પછી, એમાંથી પચીને છુટો પડેલ ગ્લુકોઝ, બે-ત્રણ કલાકના સમયમાં જ લોહીમાં ભળી જાય છે. દરરોજ ખોરાક લીધા પછી આશરે અડધા કલાકથી બે કલાક સુધીના સમય દરમ્યાન લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ખૂબ વધી જાય છે. *સામાન્ય રોજિંદો ખોરાક લીધા પછી બે કલાક પછી તદુંરસ્ત વ્યક્તિના લોહીમાં ગ્લુકોઝનુ પ્રમાણ હંમેશા ૧૪૦ મિ.ગ્રા./ડે.લી. કરતાં ઓછું જ હોય છે; અને આ બે કલાક દરમ્યાનના કોઇપણ સમયે ગ્લુકોઝનું પ્રમાણ ૧૮૦ મિ.ગ્રા./ડે.લી. કરતા ઓછું જ હોય છે.* તંદુરસ્ત માણસના પેશાબમાં સામાન્ય રીતે બિલકુલ શુગર હોવી ન જોઇએ.

કેટલાથી વધુ શુગર હોય તો ડાયાબિટીસ કહેવાય?

ડાયાબિટીસના મુખ્ય વિભાગોનું નિદાન કરવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ કેટલાંક પ્રમાણ (CRITERIA) નકકી કર્યાં છે. વ્યક્તિના લોહીમાં રહેલ ગ્લુકોઝના પ્રમાણના આધારે આ નિદાન નકકી થાય છે. લોહીમાં રહેલ ગ્લુકોઝ જુદી જુદી પધ્ધતિઓથી તપાસવામાં આવે છે, પણ સામાન્ય રીતે લેબોરેટરીમાં લોહીનો પ્લાઝમા તરીકે ઓળખાતો ભાગ તપાસવામાં આવતો હોવાથી પ્લાઝમા ગ્લુકોઝનુ પ્રમાણ સાથેના કોષ્ટકમાં લીધુ છે. જયારે ગ્લુકોમીટરથી ગ્લુકોઝ માપવામાં આવે ત્યારે એનું પ્રમાણ આ કોષ્ટકમાં દર્શાવેલ પ્રમાણ કરતાં ૧૫ થી ૨૦ મિ.ગ્રા. ઓછું હોય છે.

ડાયાબિટીસના નિદાન માટે જરૂરી ગ્લુકોઝનું પ્રમાણ

લોહીમાં ગ્લુકોઝ (મિ.ગ્રા./ડે.લી.)	તંદુરસ્ત	ડાયાબિટીસ મેલાઇટસ	અપૂરતું ગ્લુકોઝનિયમન	સગર્ભાવસ્થામાં ડાયાબિટીસ
ભૂખ્યા પેટે(ખોરાક લીધા પછી ૮ થી ૧૪ કલાકે)	૧૧૦ થી ઓછું	૧૨૬ થી વધુ	૧૧૦ થી ૧૨૬	૧૦૫ થી વધુ
ગ્લુકોઝ પીધા પછી અડધા/એક કે દોઢ કલાકે	૧૮૦ થી ઓછું	૨૦૦ થી વધુ	૨૦૦ કે તેથી વધુ	૧૯૦ થી વધુ
ગ્લુકોઝ પીધા પછી બે કલાકે	૧૪૦ થી ઓછું	૨૦૦ થી વધુ	૧૪૦ થી ૨૦૦	૧૬૫ થી વધુ
ગ્લુકોઝ પીધા પછી ત્રણ કલાકે	૧૪૦ થી ઓછું			૧૪૫ થી વધુ

ડાયાબિટીસનું નિદાન કરવા માટેના મુદ્દાઓ:

★ જો બે અલગ અલગ દિવસે, આઠથી ચૌદ કલાક ભૂખ્યા રહ્યા પછી, લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ૧૨૬ મિ.ગ્રા./ડે.લી. કરતાં વધુ હોય તો એ વ્યક્તિને ડાયાબિટીસ છે એવું કહી શકાય.

★ જો ઓછામાં ઓછી બે વખત, દિવસના કોઇપણ સમયે લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ૨૦૦ મિ.ગ્રા./ડે.લી. કરતાં વધુ માલૂમ પડે તો એ વ્યક્તિને પણ ડાયાબિટીસ છે એવું કહી શકાય.

★ જ્યારે ગ્લુકોઝનું પ્રમાણ ૧૪૦ થી ૨૦૦ મિ.ગ્રા./ડે.લી.ની વચ્ચે હોય ત્યારે દર્દીનાં લક્ષણોને આધારે અને જરૂર પડયે ગ્લુકોઝ પીવડાવીને કરેલ ટેસ્ટને આધારે ડાયાબિટીસ છે કે નહીં તે નક્કી કરવું પડે છે.

★ સામાન્ય રીતે લોહીમાં ૧૮૦ મિ.ગ્રા./ડે.લી. કરતાં વધુ ગ્લુકોઝ હોય ત્યારે જ એ પેશાબમાં દેખાય છે. એટલે કોઇ વ્યક્તિના પેશાબમાં ગ્લુકોઝ (શુગર) આવતી હોય તો એને (અમુક અપવાદો બાદ કરતાં) ડાયાબિટીસ હોવાની શક્યતા પૂરેપૂરી રહે છે. પેશાબમાં ગ્લુકોઝ છે કે નહીં એ નક્કી કરવું ખૂબ આસાન હોવાથી ઘણી જગ્યાએ ડાયાબિટીસના નિદાનને ચકાસવા માટે પેશાબનો ટેસ્ટ જ કરવામાં આવે છે. આ રીતે કરેલ ટેસ્ટ, લોહીના ટેસ્ટ કરતાં ઓછી ચોક્સાઇવાળો પણ ખૂબ સરળ અને સસ્તો પડે છે. ઓછી સુવિધાવાળી જગ્યાઓએ (દા.ત. ગામડાઓમાં) આ રીત ઘણી ઉપયોગી થાય છે.

ગ્લુકોઝ પીધા પછી (૧) બે કલાકની અંદરનું અને (૨) બરાબર બે કલાકે લીધેલ સેમ્પલ - આ બંને ૨૦૦થી વધુ ગ્લુકોઝ બતાવે તો તાત્કાલિક ડાયાબિટીસનું નિદાન પાકું થઇ જાય છે. ગ્લુકોઝ પીવડાવ્યા પછી લોહીનો ટેસ્ટ કરાવવો હોય તો એ ટેસ્ટના ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલાં દર્દીનો ખોરાક તદ્દન સામાન્ય (દિવસના ઓછામાં ઓછા ૧૫૦ ગ્રામ ગ્લુકોઝ ધરાવતો) હોવો જોઇએ. ૨૫૦ થી ૩૦૦ મિ.લી. પાણીમાં ૭૫ ગ્રામ (સગર્ભાવસ્થામાં ૧૦૦ ગ્રામ) ગ્લુકોઝ નાંખીને ટેસ્ટ કરવો જોઇએ.

જો ઓછામાં ઓછી બે વખત દિવસના કોઇપણ સમયે લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ૨૦૦ મિ.ગ્રા./ડે.લી. કરતાં વધુ માલૂમ પડે તો એ વ્યક્તિને ડાયાબિટીસ છે.

ડાયાબિટીસનો ઇતિહાસ અને આવતી કાલ

પ્રાચીન (ઇ.સ. પૂર્વે ૧૫૦૦) ચીની અને અરેબિક સાહિત્યમાં આ રોગનો ઉલ્લેખ છે. સુશ્રુત (ઇ.સ. પૂર્વે ૪૦૦) અને ચરક (ઇ.સ. ૬)ના ગ્રંથોમાં પણ મધુપ્રમેહનો ઉલ્લેખ આવે છે. આમ, આ રોગ ખૂબ જુનો છે. આજે ભારતમાં ૩૦ થી ૬૪ વર્ષના પુરુષો પૈકી ગામડામાં આશરે ૩.૭ ટકા અને શહેરમાં ૧૧.૮ ટકા જેટલા પુરુષો અને ૧.૭ ટકા અને ૬.૬ ટકા જેટલી સ્ત્રીઓ ડાયાબિટીસથી પીડાય છે. આજે ભારતમાં આશરે બે કરોડ જેટલા લોકો ડાયાબિટીસથી પીડાય છે. ઈ.સ. ૨૦૨૫માં વિશ્વમાં આશરે ૩૦ કરોડ ડાયાબિટીસના દર્દીઓ હશે જેમાંથી આશરે ૬ કરોડ દર્દી એકલા ભારતમાં હશે. ડાયાબિટીસના દર્દીઓની સંખ્યામાં ભારત પહેલા નંબરે હશે. આ આંકડાઓ જોતાં, દરેક ભારતીય વંશજે ડાયાબિટીસ કરી શકે એવા પરિબળોથી દૂર રહેવાનો આજથી પ્રયત્ન કરવો ખૂબ જરૂરી છે.

ડાયાબિટીસના પ્રકારો

ડાયાબિટીસ મેલાઇટસ (મધુપ્રમેહ) ના અનેક પ્રકારો આજ સુધીમાં શોધવામાં આવ્યા છે અને તેનું છેલ્લામાં છેલ્લું વર્ગીકરણ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ આપ્યું છે. આ વર્ગીકરણ મુજબ (૧) ડાયાબિટીસ મેલાઇટસ (૨) ગ્લુકોઝ - નિયમનમાં ખામી અને (૩) સગર્ભાવસ્થામાં ડાયાબિટીસ - એમ ત્રણ મુખ્ય વિભાગો છે. દરેક વિભાગના દર્દીના લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ કેટલું હોવું જોઇએ એની વિગત સાથેના કોષ્ટકમાં (જૂઓ પાના નં - ૪) છે.

પહેલો અને સૌથી મોટો વિભાગ ડાયાબિટીસ મેલાઇટસ - બીજા ચાર પેટા વિભાગોમાં વહેંચવામાં આવે છે.

૧. ઇન્સ્યુલિન - આધારિત ડાયાબિટીસ (ટાઈપ-૧)

૨. ઇન્સ્યુલિન - બિનઆધારિત ડાયાબિટીસ (ટાઇપ-૨)

૩. કુપોષણ સાથે સંકળાયેલ ડાયાબિટીસ અને

૪. અન્ય કારણોસર થતો ડાયાબિટીસ.

વિકસિત દેશોમાં મોટાભાગના ડાયાબિટીસના દર્દીઓ ટાઇપ-૧ અથવા ટાઇપ-૨ ડાયાબિટીસના જ હોય છે. આશરે ૨૦% દર્દીઓને ટાઇપ-૧ અને ૮૦% દર્દીઓને ટાઇપ-૨ ડાયાબિટીસ હોય છે. વિકસતા અને અલ્પવિકસિત ગરીબ દેશોમાં આ બંને પ્રકારો ઉપરાંત એક ત્રીજો જ પ્રકાર શોધી કાઢવામાં આવ્યો છે, જે કુપોષણ સાથે સંકળાયેલ ડાયાબિટીસ તરીકે ઓળખાય છે. જો કે કુપોષણ અને ડાયાબિટીસને શો સબંધ છે તે હજી સુધી ચોકકસપણે જાણી નથી શકાયું. આ કુપોષણ અંગે વધુ સંશોધન ચાલુ છે અને થોડાં વર્ષો પછી એ અંગે વધુ જાણકારી

(ક્રમશ)

હાઇબ્લડપ્રેશર

બ્લડપ્રેશર એટલે શું?

જે રીતે આપણાં ઘરોમાં પાઇપ વાટે પાણી પહોંચે છે એ જ રીતે આપણા શરીરના દરેકે દરેક અંગોમાં રક્તવાહિનીઓ વાટે લોહી પહોંચે છે. પાઇપના છેક છેવાડાના ભાગ સુધી પૂરતું પાણી પહોંચે એ માટે પાણીને ચોક્કસ ઊંચાઇએથી ચોક્કસ પ્રેશર હેઠળ મોકલવામાં આવે છે. એ જ રીતે શરીરના દરેકે દરેક અંગને પૂરતું લોહી પહોંચી રહે એ માટે લોહીને પણ ચોક્કસ પ્રેશરથી હૃદય ધક્કો મારે છે. શરીરના દરેક અંગ સુધી લોહી પહોંચાડવા માટેના ચોક્કસ પ્રેશરને જ બ્લડપ્રેશર કહેવાય છે.

ભૌતિક શાસ્ત્રની ભાષામાં કહીએ તો, રક્તવાહિનીઓની દિવાલ પર લોહી દ્વારા લાગતું દબાણ એટલે બ્લડપ્રેશર. જ્યારે હૃદય સંકોચાઇને લોહીને રક્તવાહિનીમાં ધકેલે છે ત્યારે તત્પૂરતું આ દબાણ વધી જાય છે, જે <u>સિસ્ટોલિક</u> કે ઉપરના બ્લડપ્રેશર તરીકે ઓળખાય છે. હૃદયના બે ધબકાર વચ્ચેના સમયમાં પણ લોહીનો પ્રવાહ તો સતત વહેતો જ હોય છે. આ સમયના લોહીના દબાણને <u>ડાયાસ્ટોલિક</u> અથવા નીચેનું બ્લડપ્રેશર કહેવાય છે. આમ, લોહીનું દબાણ હૃદય ધબકે ત્યારે અને બે ધબકારની વચ્ચે બદલાય છે અને એટલે જ દરેક માણસનું બ્લડપ્રેશર સિસ્ટોલિક (ઉપરનું) અને ડાયાસ્ટોલિક (નીચેનું) એમ બે આંકડાઓમાં મપાય છે.

તંદુરસ્ત માણસનું બ્લડપ્રેશર કેટલું હોવું જોઇએ?

તંદુરસ્ત માણસનું સરેરાશ બ્લડપ્રેશર આશરે ૧૨૦/૮૦ મિ.મી. મર્ક્યૂરિ કરતાં ઓછું હોય છે. ૧૨૦/૮૦ લખાણનો અર્થ એટલો જ કે ઉપરનું દબાણ ૧૨૦ મિ.મી. મર્ક્યૂરિ અને નીચેનું દબાણ ૮૦ મિ.મી. મર્ક્યૂરિ જેટલું હોય છે. માણસની ઉંમર, જાતિ, દિવસનો સમય, સ્થિતિ વગેરે ઊપર બ્લડપ્રેશરનો આધાર રહેલો હોય છે ઘણા બધા તંદુરસ્ત લોકોના બ્લડપ્રેશરમાં મોટો તફાવત હોય છે અને છતાં એ બધા નોર્મલ જ ગણાય છે.

ઘણા બધા તંદુરસ્ત લોકોનો અભ્યાસ કર્યા પછી વૈજ્ઞાનિકો એવા તારણ પર આવ્યા છે કે લોહીનું ઉપરનું (સિસ્ટોલિક) દબાણ ૯૦ મિ.મી. થી ૧૪૦ મિ.મી. મર્ક્યૂરિ વચ્ચે હોય ત્યાં સુધી એ નોર્મલ જ ગણાય. આ જ રીતે લોહીનું નીચેનું દબાણ (ડાયાસ્ટોલિક બ્લડપ્રેશર) ૬૦ થી ૯૦ મિ.મી. મર્ક્યૂરિ વચ્ચે ગમે ત્યાં હોય તો પણ એ નોર્મલ બ્લડપ્રેશર જ ગણાય.

તંદુરસ્ત વ્યક્તિના બ્લડપ્રેશરમાં વધઘટ માટે જવાબદાર પરિબળો

બ્લડપ્રેશર એ કંઇ પુખ્ત માણસની ઊંચાઇ જેવું નથી કે કાયમ એક સરખું જ રહે. દરેક તંદુરસ્ત વ્યક્તિમાં પણ નીચેની જુદી જુદી પરિસ્થિતિમાં બ્લડપ્રેશર બદલાયા કરે છે.

(૧) <u>ઉંમર</u>:- ઉંમર વધવાની સાથે, સામાન્ય રીતે બ્લડપ્રેશર પણ વધે છે. જન્મ વખતે લોહીનું ઉપરનું (સિસ્ટોલીક) દબાણ ૫૦ થી ૭૦ મિ.મી. મર્ક્યૂરિ જેટલું હોય છે. જે બાલ્યાવસ્થામાં ૯૦ થી ૧૧૦ મિ.મી.; યુવાનીમાં ૧૧૦ થી ૧૩૦ મિ.મી. અને બુઢાપામાં ૧૩૦ મિ.મી. કરતાં પણ વધુ રહે છે. આની સામે લોહીનું નીચેનું (ડાયાસ્ટોલિક) પ્રેશર જન્મ વખતે ૩૦ થી ૫૦ મિ.મી. મર્ક્યૂરિ જેટલું હોય છે, જે નાનપણથી યુવાની સુધી જ વધે છે અને એ પછી ઓછે વત્તે અંશે એક સરખું ૬૦ થી ૯૦ મિ.મી. મર્ક્યૂરિ જેટલું જળવાઇ રહે છે.

(૨) <u>જાતિ (સેક્સ)</u>:- સ્ત્રીઓનું બ્લડપ્રેશર પુરુષોના બ્લડપ્રેશર કરતાં સરેરાશ ઓછું હોય છે. આ તફાવત સિસ્ટોલીક અને ડાયાસ્ટોલિક એ બંને પ્રેશરમાં જોવા મળે છે. જો કે ૪૫-૫૦ વર્ષની ઉંમર પછી સ્ત્રી અને પુરુષના બ્લડપ્રેશર વચ્ચે આવો તફાવત જોવા નથી મળતો.

(૩) <u>પોઝિશન (શારીરિક સ્થિતિ)</u>:- શરીરની વિવિધ સ્થિતિઓમાં બ્લડપ્રેશર વધઘટ થયા કરતું હોય છે. સૂતાં સૂતાં માપેલ બ્લડપ્રેશર કરતાં ઉભાં ઉભાં માપેલ સિસ્ટોલિક બ્લડપ્રેશર ઓછું હોય છે.

(૪) <u>ઊંઘ</u> : - ઊંઘતી વ્યક્તિમાં ઉપરનું બ્લડપ્રેશર ૧૫ થી ૨૦ મિ.મી. મર્ક્યૂરિ જેટલું ઘટી જાય છે.

(૫) <u>કસરત</u>:- કસરત કરતી વખતે તત્પૂરતું સિસ્ટોલિક (ઉપરનું) બ્લડપ્રેશર વધે છે. પણ નિયમિત હળવી કસરત કરવાથી મેદસ્વીપણાથી બચી શકાય છે અને એટલે હાઇબ્લડપ્રેશરના રોગથી પણ મુક્તિ મળે છે. કસરત કરતી વખતે કે કસરત કર્યા પછી તરત બ્લડપ્રેશર મપાવવાથી ખોટેખોટું હાઇબ્લડપ્રેશરનું લેબલ લાગી જઇ શકે છે.

(૬) <u>માનસિક તાણ</u>:- વધુ પડતી લાગણીશીલતા કે માનસિક તાણથી બ્લડપ્રેશર વધે છે.

આમ, બ્લડપ્રેશરનો આધાર અનેક પરિસ્થિતિઓ પર રહેતો હોવાથી બ્લડપ્રેશર મપાવતી વખતે કેટલીક તકેદારીઓ રાખવી જરૂરી બની જાય છે.

દરેક તંદુરસ્ત વ્યક્તિમાં જુદી જુદી પરિસ્થિતિમાં બ્લડપ્રેશર બદલાયા કરે છે.

(ક્રમશ)

SURTI SUNNI VOHRA ENDOGAMOUS GROUP IS CHANGING

-ISMAILAHMED LAMBAT,
MANCHESTER (0161) 232 1876

Historically speaking our SURTI SUNNI VOHRA endogamous group was never composed of a single group of homogenous persons. Our observations, if we tried to take an interest in the composition of our members will soon reveal, irrespective of where we live that our endogamous group is made up of persons from various backgrounds. It is not difficult to notice that some of our members are quite tall and others are not so tall. There are those with lighter skins and others are quite dark. Some of our members are of a big build and others are not. Some have long pointed noses and others do not have such noses. Our eye colours are also different. We have those with black, brown, and blue eyes. The variety of people we have as members of our endogamous community shows that we the SURTI SUNNI VOHRA endogamous group came to be made up of people from different caste and sub-caste groups and people from different races. Though we SURTI SUNNI VOHRAS had no written constitution to tell us whom we could marry or not marry endogamy was practiced by all. It was passed on from generation to generation through its male members and all endogamous group members accepted the practice and stayed with in their endogamous group. The practice of endogamy helped us have our own identity and pass on the identity to future generations. Sometimes the unwritten rules of marrying only within our endogamous were broken. Sometimes love affairs and elopements played their roles in helping to bring women from other endogamous groups into our VOHRA endogamous group. Such women and their children became part of our endogamous group. We very rarely come across instances where Vohra women joined other endogamous groups. There were also instances where VOHRA men who for economic or social reasons could not find wives from our VOHRA endogamous or from other Muslim endogamous groups sometimes sought wives from non-Muslim, usually from tribal communities who were willing to give their daughters in marriage. The migration of our men to other countries helped add more variety to the looks and build of our members. Depending on where our men migrated to, few of them helped bring Burmese, African and European looks to our endogamous group. Whilst these changes in our people were not many the changes have remained noticeable. The changes in our people's physical appearances, looks, skin and eye colours are now undergoing many changes and the changes are taking place with some speed. Our observations of our people in a middle-sized British city helped us see how our young people, both males and females were marrying those of their choice. This inter-mixing will add to difficulties of identification and acceptance by our VOHRAS if those entering such unions decide to stay close to our endogamous group.

Marrying someone of one's choice is not only confined to the city we referred to. It is or has become common among our VOHRAS right across the United Kingdom and in other countries where our members have settled, and we feel this practice will soon reach our villages. If what is happening now goes on, in years to come, we feel we will not have a SURTI SUNNI VOHRA endogamous group.

We feel and our readers will agree with us that the thinking of most of our younger persons has undergone changes. Most of our young persons now think like the young persons from the West. Religion and/or our VOHRA culture no longer play their parts in most of our younger persons' thinking. Young persons now expect their parents and others from their endogamous group to go along with their type of thinking.

We feel, and our readers will agree with us that we SURTI SUNNI VOHRAS as parents and as an endogamous group paid no or little attention to helping our children to learn about our endogamous group and our culture. We took it for granted that our younger persons will learn about the expectations of their parents and their endogamous group. It is also sad that the efforts we have made and continue to make to make available the provision of religious education and religious awareness through bayaans, madressas, dar-ul-ulooms, through the efforts of the ulema, huffaz, masajid and tabligh work has not greatly helped shape our younger persons' thinking and practices as Muslims and as members of an endogamous group. ■

FROM THE WAY OF SUFI

THE UNITY OF KNOWLEDGE

What I have learned as a Sufi is something that man cannot credit because of what he has already been taught. The easiest thing to in grasp in Sufism is one of the most difficult for the ordinary thinker. It is this: All religious presentations are varieties of one truth, more or 1ess distorted. This truth manifests itself in various peoples, who become jealous of it, not realizing that its manifestation accords with their needs. It cannot be passed on in the same form because of the difference in the minds of different communities. It cannot be reinterpreted, because it must grow afresh.

It is presented afresh only by those who can actually experience it in every form, religious and otherwise, of man.

This experience is quite different from what people take it to be. The person who simply thinks that this must be true as a matter of logic is not the same as the person who experiences that it is true.

- Khwaja Salahudin of Bokhara

WHAT SUFISM TEACHES

Sufism teaches how to purify one's self, improve one's morals and build up one's inner and outer life in order to attain perpetual bliss. Its subject matter is the purification of the soul and its end or aim is the attainment of eternal felicity and blessedness.

- Sheikh el-Islam Zakaria Ansari

CHOOSING

'Choosing' (Istifa) is the emptying of the heart of all things other than the search for completion. This resembles visualization that the body is empty, and that all thoughts have left it for a moment, during which time the true thoughts flood in.

- Hujwiri

THE WAY IN WHICH THEY BRING THEIR TEACHING

Do not expect the way in which they bring their teaching to be wholly within your ordinary way of understanding. A pearl may be carried in a leather purse. The ignorant cry out: 'This Square objects with a flap does not look like the necklace which has been described to me.'

- Arif Yahya

વહોરા સમાચાર ગ્રાહક જોગ

આપણું સામયિક વહોરા સમાચાર પેપર ઘણું ખોટમાં ચાલી રહયું છે એની ખોટ સરભર કરવી ખૂબજ મુશ્કેલ છે.ઘણાં દિલગીર સાથે જણાવવાનું કે આપણા ઘણાં ભાઇઓનું વર્ષોથી લવાજમ આવ્યું નથી. ઉપરાંત સરકારશ્રી તરફથી પોષ્ટલ ચાર્જમાં પણ ખૂબ જ વધારો કરવામાં આવ્યો છે. જેથી આપણા વહોરા સમાચાર પેપરના ગ્રાહકોને જાણ કરવામાં આવે છે કે જે ભાઇનું લવાજમ વર્ષોથી બાકી છે એમને નમ્ર વિનંતી કરીએ છીએ કે આપનું બાકી લવાજમ તાકીદે મોકલી આપી સંસ્થાને મદદરૂપ થઇ આભારી કરશો.

આથી વહોરા સમાચારના વાંચકગણને જણાવવામાં આવે છે કે હાલની કારમી મોંઘવારીના કારણે ના છૂટકે વહોરા સમાચારના લવાજમમાં નજીવો વધારો કરવામાં આવ્યો છે. જેમાં આપ સાહેબનો પુરેપુરો સહકાર મળી રહેશે એવી અભિલાષા.

દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૨૦૦
દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૩૦૦૦

પરદેશમાં વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦૦
પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૫૦૦૦ (એર ચાર્જ રૂા. ૭૦૦)

નોંધ:- આથી સંસ્થાના કમિટી મેમ્બરો તેમજ ગામે-ગામના પ્રતિનિધીઓને વિનંતી કરવામાં આવે છે કે આપના ગામમાં ઘેર-ઘેર વહોરા સમાચાર પેપર આવે અને સોસાયટીની પ્રવૃત્તિઓથી માહીતગાર થાય તે માટે વધુ ને વધુ નવા ગ્રાહકો અથવા લાઇફ મેમ્બરો બનાવી આભારી કરશો. આપના સહકારના અભિલાષી.

You Can Make Your Donation To The Following Bank Account

DONORS FROM ABROAD

THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY
STATE BANK OF INDIA

ACCOUNT NO : (FCRA - SAVINGS BANK A/C.) 40159386675
BRANCH CODE : 00691
IFS CODE : SBIN0000691
BANK SWIFT CODE : SBININBB104
BANK ADDRESS : FCRA Cell, 4th Floor, State Bank of India, New Delhi Main Branch -11, Sansad Marg, New Delhi-110001 (INDIA).

FOR DONORS FROM INDIA

THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY
UNION BANK OF INDIA
ACCOUNT NO : (CURRENT ACCOUNT) 311301010030025 IFS CODE : UBIN0531138
BANK ADDRESS : Unapani Road, Station Road Branch, Surat-3

H.S.C.2021

સાદીયા અનવર કાઝી

ગામ:- આંકડોદ

૬૮.૭૧ ટકા (કોમર્સ)

S.S.C.2021

મુસબ મોહંમદ જાવીદ ઘરૈયા

ગામ:- રાંદેર

૮૩.૫૦ ટકા

Phon e No.0091-261-2420097/2424458

DECEMBER -2021

VOHRA SAMACHAR VALID UPTO 31-12-2023.
Licence No.040 inland 081 For Foreign

PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT

RNI No.9372/57"Registerd No.SRT-004/2021 -2023"
2000 Copies Posted at SR RMS at 3rd of Every mon th

on date of postin g 03 - 12 - 2021

વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.

દેશમાં વાર્ષિક લવાજમ રૂ.૨૦૦, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂ.૧૦૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂ.૩૦૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂ. ૫૦૦૦ (એર ચાર્જ રૂ. ૭૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂ.૨૦.૦૦

વહોરા સમાચાર ગ્રાહક જોગ OF CANADA WASI

અલ્લાહપાકના ફઝલો કરમથી આપણું વહોરા સમાચાર સમયસર પ્રસિધ્ધ થાય છે અને તમારા સુધી તથા દુન્યામાં વસ્તા આપણા વહોરા બિરાદરો સુધી પહોંચાડવાની કોશીષ ચાલુ છે. છેલ્લા ઘણા વર્ષોથી તથા **LAST TWO YEARS COVID-19** ના પ્રોબ્લમથી લવાજમ ઘણા ગ્રાહકોનું બાકી પડે છે.

CANADA માં વસ્તા મીસીસઆગા, બ્રેમ્પટન, કેમ્બ્રીજ, સ્કારબોરો તથા ટોરન્ટો ના અન્ય વિસ્તારો માંથી આપણા મુખ્લીસ ભાઇઓ અને ગ્રાહકોએ લગભગ **૪ લાખ** જેટલું લવાજમ ભેગુ કરી મોકલ્યું છે.

જઝાકુમુલ્લાહ.

પરંતુ હજુ લગભગ ઘણા ગ્રાહકોનું લવાજમ બાકી પડે છે.

અમારી આપ સૌને દરખાસ્ત છે કે,

(૧) આપનું બાકી લવાજમ મોકલી આપી સંસ્થાને મદદરૂપ થઇ આભારી કરશો.

(૨) ગ્રાહકોએ વહોરા સમાચાર પેપર બંધ કરાવવા અથવા સરનામું બદલવાનું હોય તો નીચે આપેલ નામ-નંબર ઉપર જાણ કરવા વિનંતી.

આના માટે આપણા બિરાદરીના નીચે મુજબના સાથીઓનો સંપર્ક કરશો.

(1) YUSUF MOTALA - SCARBOROUGH - 647 402 1949

(2) MOHAMED MEHTA - CAMBRIDGE - 416 400 0600

(3) AIYUB PANCHBHAYA - TORONTO - 416 466 6871

(4) EDREES BHAIYAT - MALTON - 416 561 9684

(5) SABBIR A. MEHTA - CAMBRIDGE - 226 606 9784

અલ્લાહપાક **(SWT)** આપ લોકોની કુર્બાનીને કબુલ ફરમાવે. આમીન.

દુઆગો- મસ્ત મંગેરા

વહોરા સમાચારમાં લવાજમ મોકલવાનું ઠેકાણું

વહોરા સમાચાર, સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩

એકાઉન્ટ નંબર:- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩

IFSC CODE :- BARB0SUFIBA